અધ્યાત્મ

વર્ષ : ૪૮, નવેમ્બર ૨૦૨૫, અંક : ૨

॥ મને તો પ્રેમી પૂર્ણ બનાવો ॥

મને તો પ્રેમી પૂર્ણ બનાવો.
તમારો સાચો ભક્ત બનાવો.
મને તો...

તમારા જ રસસૂર હૃદયની વીણા ઉપર જગાવો,
મસ્ત કરી દો એના રસમાં બીજું બધું ફગાવો,
મને તો...

બધી મલિનતા મારા દિલની કરતાં કૃપા જલાવો,
પવિત્ર કરતાં ઉરને શાસન એની ઉપર ચલાવો.
મને તો...

વિકાર ઊર્મિ વિચાર સર્વે પ્રેમે સભર બનાવો,
જીવન સારુ તમારી કને કરી પ્રવાહ વહાવો.
મને તો...

દુર્ગંધ બધી દૂર કરીને પરિમલને પ્રકટાવો.
સુંદર ફૂલ કરી પૂજાનું અક્ષયધામ અપાવો.
મને તો...

અનેક પ્રેમી થયા તમારા, તે સૌનેય સુહાવો;
આજ અરજ અંતરની સુણજો, કરુણાગાર કહાવો!
મને તો...

- પૂ. શ્રીયોગેશ્વરજી
(શ્રી યોગેશ્વરજીનાં ભજનો)

॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

સંસ્થાપક : પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

પ્રકાશક : સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

આદ્ય તંત્રી : શ્રીનારાયણ જાની

સંપાદક : શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

વ્યવસ્થાપક : શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

મુદ્રણ : વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

લેખો મોકલવાનું સ્થાન : ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

।। શ્રીકૃષ્ણ સાથે અર્જુનનો પ્રેમસંબંધ ।।

હે શ્રીકૃષ્ણ ! તમારી સાથે સંબંધ થયા પછી સંસારનાં સર્વ બંધનો છૂટી જાય છે. તમારી સાથે સંબંધ થતાં સર્વ સંબંધોમાંથી મુક્ત થવાનું બન્યું.

જેના વિશે આશા જાગૃત થયા પછી સંસારના બધા વિષયોની આશા-તૃષ્ણા શાંત થાય છે. જેના મિલનથી જે કંઈ જગતમાં છે એ બધું જ પોતાના સ્વરૂપમાં ભળી જાય છે એવા હે પ્રભુ ! તમારી સાથે મારો પ્રેમસંબંધ છે.

આત્મસત્તા એ જગતગુરુ છે કેમકે જ્ઞાન આત્માનો સ્વભાવ છે. એ સર્વવંદ્ય છે. એ સ્વસંવેદ્ય પણ છે. આવા 'આત્માનું પ્રતીક' બનીને હે શ્રીકૃષ્ણ ! તમે મારી સામે આવી ગયા. 'ગુરુપદના સદેહ પ્રતીક' બનીને તમે મને ઉપલબ્ધ થયા. જેથી આત્મા નિત્ય બુદ્ધ-શુદ્ધ-મુક્ત છે એ ઉપલબ્ધિ મને સહજ થઈ.

જીવ અનેક છે, આત્મા એક છે. અહંકાર અનેક હશે પરંતુ આત્મા તો એક જે છે. એટલે જ 'આત્મસત્તામાં પ્રતિષ્ઠિત થઈને હું તો એકાકી બની જઈશ.'

ઈન્દ્રિયોના આવેગોમાં, વિષયોપભોગમાં એકબીજાની મદદ લેવાય છે પરંતુ જ્યાં આત્માનો હાથ પકડ્યો કે હું એકલો, નિસ્સંગ, એકાકી થઈ ગયો. 'સત્સંગે નિઃસંગત્વમ્'. અદ્વૈતનો આવો બોધ થયા પછી એને ઓળંગીને આગળ જવાની સંભાવના નથી. ત્યાં પરાકાષ્ઠા !

તમારા જેવો સખા સામે આવી ગયો એટલે અદ્વૈતબોધને ઓળંગીને હું પ્રેમમાં જીવી શકું છું.

—ગીતાભાષ્ય

(શ્રીજ્ઞાનેશ્વર)

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

૧૩ નવેમ્બર ૧૯૪૩

॥ પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીનો પ્રાગટ્યદિન ॥

આપણા સર્વનાં તેઓશ્રીને અનંત કોટિ પ્રણામ !

કૃષ્ણને જે અંદર ખોળે, બહાર નહિ. જ્યારે કૃષ્ણ સિવાય બીજા કશાની એને સ્પૃહા ન હોય ત્યારે એને કૃષ્ણનાં દર્શન થશે. એકવાર જે અંદર દેખાય ત્યાર પછી જ એ સર્વત્ર દેખાય છે. એટલા માટે હૃદય એના દર્શનની ઇચ્છાથી પરિપૂર્ણ હોવું જોઈએ. કદાચ હજી કૃષ્ણ સિવાય બીજી ચીજોની સ્પૃહા તું રાખતો હોઈશ. દા.ત. વાહવાહ ! તારા ધ્યેયને મદદરૂપ થતું હોય ત્યાં લગી બધું ઠીક છે. તે સિવાય બધું—સંગીત, કાવ્ય, તત્ત્વજ્ઞાન બધુંયે ખાલીખમ છે, ખાલીખમ છે, ખાલીખમ.

—શ્રીકૃષ્ણપ્રેમ

અનુક્રમ

૧ આત્મનિવેદન	શ્રીજ્ઞાનેશ્વર	૭
૨ શ્રીયોગેશ્વરકથામૃત	શ્રી'મા' સર્વેશ્વરી	૮
૩ પરમ પ્રેમમયી 'મા'ને પુનઃ પુનઃ પ્રણામ	સંકલન	૯
૪ શ્રી'મા'નું ચૈતન્યસ્વરૂપ	સંપાદન	૧૧
૫ શ્રી'મા'ની જીવનઝરમર	"	૧૩
૬ શ્રીસદ્‌ગુરુસંનિધિ	"	૧૭
૭ શ્રી'મા'ની શ્રદ્ધાનું રહસ્ય	"	૨૧
૮ શ્રી'મા'નું ભીતરી ઐશ્વર્ય	"	૨૩
૯ અનિકેત પૂ.શ્રી'મા'	"	૨૫
૧૦ શ્રી'મા'માં જીવ-શિવનો સંવાદ	"	૨૬
૧૧ શ્રી'મા'માં મનુષ્યત્વ અને દિવ્યતાનો વિરલ સંયોગ	"	૨૮
૧૨ પૂ.શ્રીયોગેશ્વરજીની દૃષ્ટિએ શ્રી'મા'	"	૩૦
૧૩ શ્રીકૃષ્ણ અને શિવનું અદ્વૈત શ્રી'મા'ની ગુરુભક્તિમાં	"	૩૧
૧૪ આપણા જીવનમાં શ્રીકૃષ્ણનું સ્થાન	સંકલન	૩૨
૧૫ શ્રીકૃષ્ણથી ઝળહળ કેટલીક કાવ્યપંક્તિઓ	"	૩૪
૧૬ પુરુષોત્તમ	શ્રી ભાણદેવજી	૩૬
૧૭ કરિષ્યે વચનં તવ	સંકલન	૩૯
૧૮ 'રાજાધિરાજ' : એક જાગૃત સર્જકનું સ્વપ્ન	"	૪૧
૧૯ 'રાજાધિરાજ'ના સંદર્ભમાં શ્રીપ્રસૂન જોશીના વિચારો	"	૪૪
૨૦ 'રાજાધિરાજ' : પ્રેમ, જીવન, લીલા	શ્રીરુચિત પંડ્યા	૪૬
૨૧ આપણા રાજાધિરાજ પૂ.શ્રી'મા'	સંકલન	૪૯
૨૨ પૂજ્ય શ્રી'મા' સૂચિત 'માનસયાત્રા'નો મર્મ	સંકલન	૫૩
૨૩ 'શિવપૂજા'નું અદ્યતન સ્વરૂપ	શ્રીઅશ્વિન કાકા	૫૬
૨૪ 'સ્વર્ગારોહણ'માં શ્રીયોગેશ્વરજીનું પ્રાગટ્યપર્વ	"	૫૯
૨૫ 'સ્વર્ગારોહણ'નું આદરણીય સ્વજન	"	૬૫
૨૬ 'દોડી આવો' કાવ્યાંજલિ	શ્રી દક્ષેશ કોન્ટ્રાક્ટર	૬૬

।। આત્મનિવેદન ।।

(જ્ઞાનેશ્વરની વિનમ્ર વાગ્ધારા)

[જેવી રીતે નિજ મસ્તીમાં વાસુદેવની બંસરી વાગે અથવા યમુનાની ધારા કલકલ કરતી વહેતી ચાલી જાય તેવી જ્ઞાનેશ્વરની વાગ્ધારા વહેતી ચાલી જાય છે.]

હું કોઈ ઘમંડથી મારી વાણીની પ્રગલ્ભતા કે શક્તિ બતાવવા નથી કહી રહ્યો તમે બધા સર્વજ્ઞ બેઠા છો. તમારી પાસે મારી વાણીની વિશિષ્ટતા પ્રગટ નથી કરી રહ્યો. હું તો તમારું બાળક છું. જરા તમારી પાસે લાડ કરી રહ્યો છું કે, મારી વાત સાંભળો તો ખરા ! તમારું શીખવેલું જ હું બોલી રહ્યો છું.

આ તો તમારી થાળીમાં પીરસેલું તમારું જ અન્ન છે. મોંમાંથી કોળિયો લઈને તમને ખવડાવી રહ્યો છું.

તમને ગીતાર્થ સંભળાવવો તે તો અનાહત નાદને સંગીત સંભળાવવા જેવું છે. ચન્દ્રમાને વીંઝણો ઢોળવા જેવું છે. સુગંધી પુષ્પને અત્તરનું પૂમડું ધરવા જેવું છે.

હું સૂર્યની આરતી ઉતારવા ચાલ્યો છું. સાગરને અર્ઘ્ય ચઢાવવા નીકળ્યો છું અને તમને કહી રહ્યો છું ધ્યાન આપો. શું એ મારો અધિકાર છે ? અનધિકાર ચેષ્ટા છે. આપ મને ક્ષમા કરજો.

પ્રેમ (એક) એવી ચીજ છે કે, પ્રેમપૂર્વક પ્રેમી કાંઈપણ આપે તો પ્રેમને એનાથી સંતોષ જ થાય છે. પત્રમ્, પુષ્પમ્, ફલમ્ ચઢાવે તો પણ તેમને ખુશી જ થાય છે. એવી રીતે હું જે કંઈ બોલીશ એનાથી તમને ખુશી જ થવાની છે. તમે મારા પર પ્રસન્ન જ થવાના છો. તમે તો માતૃવત્સલ કરુણારૂપ છો. તમારી પ્રસન્ન કરુણાને જગાડવા શબ્દોના ધક્કા મારી રહ્યો છું.

વક્તૃત્વ એકાંગી કર્મ નથી. તમારી દૃષ્ટિમાંથી વરસતી વત્સલતા અને ચિત્તની એકાગ્રતા જ મારા ચિત્તમાં સુપ્ત-ગુપ્ત અર્થ પ્રગટ કરવાની શક્તિ જગાડશે. વક્તા, વક્તા બની જ નથી શકતો, જો સામે શ્રોતા ન હોય તો !

—શ્રીજ્ઞાનેશ્વર

।। શ્રીયોગેશ્વરકથામૃત ।।

તા.૧૧/૬/૧૯૮૩, શનિવાર. વૈશાખ વદ અમાસ, વિ.સં.૨૦૪૦

સ્થળ : મસૂરી.

સવારે પૂ.શ્રી દરરોજની જેમ સ્નાન, વ્યાયામ કરી લેખનકાર્ય કરવા માટે સાત વાગ્યે પલાંઠી વાળી દે છે. બપોરે સાડા બાર વાગ્યે ત્રણેક મુલાકાતીઓ આવે છે. એક ભાઈ પૂ.શ્રીનાં પુસ્તકો માટે પૂછે છે. બીજા એક ભાઈનો હોંશિયાર યુવાન પુત્ર લઘુતાગ્રંથિથી પીડાય છે તો દિવ્ય સારવાર માટે પૂ.શ્રીને પ્રશ્ન પૂછે છે.

પૂ.શ્રી તેમને પોતાના શરમાળ સ્વભાવની ને શરીરના આરોગ્યની વિદ્યાર્થી અવસ્થાની વાત કરતાં કહે છે, 'તે વખતે લોકમાન્ય તિલકનું એક પુસ્તક વાંચવામાં આવ્યું, ને વ્યાયામ ચાલુ કર્યો. વિચારો ઊંચા રાખ્યા ને જીવનને બનાવવા પ્રયત્ન કર્યા. અંગ્રેજી પુસ્તકોનો અનુવાદ 'પ્રભુમય જીવન' અને 'આગળ વધો' વાંચવા જેવાં છે. કોઈ પુસ્તકાલયમાંથી મળી જાય તો વંચાવો.'

તે ભાઈની વિદાય પછી પૂ.શ્રી કહેવા લાગ્યા, 'લોકોને પ્રભુ નથી મળ્યા તેનો કંઈ અફસોસ કે દુઃખ જ નથી. બધા જ સંસારની ઉપાધિમાં ને લાલસામાં પડ્યા છે. સંસારના જ પ્રશ્નો લઈને આવે છે. કાલે વળી પ્રવચનને અંતે લગ્નજીવનમાં બનતું નથી તો આશીર્વાદ આપો એવું કહેનારા આવ્યા હતા.'

મુલાકાત પછી પરમશક્તિ પાસે અહીંથી ક્યારે જવું તે અંગે રજા માગી. જે ઉપર વાંચી શકાય છે. સાંજે હિન્દીમાં પ્રવચન થયું. પ્રવચન પહેલાં થોડું ફરવા ગયા. પ્રવચન બાદ બટાકા-પૌંઆ બનાવી નાસ્તો લીધો. સવારે ખીચડી, શાકનું ભોજન લીધું હતું.

હરિઃૐ હરિઃૐ હરિઃૐ

—શ્રી'મા' સર્વેશ્વરી

॥ પરમ પ્રેમમયી 'મા'ને પુનઃ પુનઃ પ્રણામ ! ॥

સર્વપ્રથમ તો આપણે સર્વ પૂજ્ય શ્રી'મા'ના પુનિત જન્મદિને તેઓશ્રીનાં દર્શનથી કૃતાર્થ થઈએ. જ્યાં હોઈએ ત્યાંથી 'મૂક પ્રણામ' કરી લઈએ. (આ એક પ્રણામથી જ તેઓશ્રીની દિવ્ય ઊર્જા આપણામાં સંક્રાન્ત થઈ. આપણું કલ્યાણ કરે છે.) વળી સંતનાં દર્શનમાત્રથી ઘોર અજ્ઞાન ભસ્મીભૂત થઈ જાય છે. 'મા' કોઈ સાધારણ દેહધારી વ્યક્તિ નથી. 'શુદ્ધ સત્ તત્ત્વ છે, જેમના દર્શનથી આપણું સત્ય જાગી જાય છે.'

અલબત્ત, આ દર્શન સ્થૂળ હોવું જરૂરી નથી. સદ્‌ગુરુ સાથેનું કોઈપણ સંધાન પ્રકાશની જીવંત ઉપસ્થિતિમાં લઈ જવા પૂરતું છે. તેથી 'સ્વર્ગારોહણ' નહિ આવી શકનાર 'સ્મરણ'થી પણ પૂ.શ્રી'મા'ની પરમ ચેતના સાથે સૂક્ષ્મ સંધાન સાધી શકે છે.

નમ્રાતિનમ્ર આપણાં 'મા'નું મુખ્ય લક્ષણ એ છે કે તેઓશ્રી ભક્તોને પોતાની સાથે ન જોડતાં, પરમાત્માની સાથે જોડી દે છે.

૧. આપણાં શરીર અને મનને શિસ્તબદ્ધ કરવા જે તાલીમની જરૂર છે તે આપે છે. 'સ્વર્ગારોહણ'ની પ્રત્યેક બેઠકની આયોજના—પ્રભાતવંદના, ધ્યાન, પ્રણામ, પાઠ, પારાયણ, વાંચન, ભજન-કીર્તન, સ્તુતિગાન, યોગતીર્થયાત્રા, કુટિયાના પંચદેવની પ્રદક્ષિણા, જપયાત્રા પ્રત્યેક કલાકે સ્વર્ગારોહણના કણકણમાં ગુંજતું મંત્રગાન : આ સર્વ એના જીવંત દૃષ્ટાંત છે.

૨. કેવળ બાહ્ય ધર્મ નહિ, માનવધર્મ-પ્રેમ-કરુણા-સેવા પરમાત્મા પ્રાપ્તિનાં સાચાં સાધન છે એ સમજાવે છે. તેથી જ સત્સંગીઓમાં પરસ્પર પ્રેમભાવ, સેવકો સાથે મધુર સમજણપૂર્વકનો વ્યવહાર, 'સ્વર્ગારોહણ'ના પ્રત્યેક અંશ-કણકણ સાથે સંવેદનશીલતાભર્યો નાતો અને સૌથી વિશેષ તો સતત મૌન-શાંત, ગરિમાપૂર્ણ વર્તન-વ્યવહાર દ્વારા

'સ્વર્ગારોહણ' તીર્થનું ગૌરવ અકબંધ રહે એની સંપૂર્ણ કાળજી, વખતોવખત દરિદ્રનારાયણો માટે યોજાતાં શિબિરો-સત્કાર્યો દ્વારા માનવતાની સુગંધ પ્રસારતા રહેવાનો અનુરોધ કરી, પૂજ્યશ્રીની સંકલ્પસૃષ્ટિની મહત્તા લેશ ન ઝંખવાય, એની નિરંતર જાગૃતિની અપેક્ષા આપણા માટે અહર્નિશ રાખી, પૂજ્યશ્રી'મા' 'સ્મરણ વૃંદાવન'ની પવિત્રતા, સ્વચ્છતા, સુઘડતા મંગલમયતાની જાળવણી કરતાં-કરાવતાં પોતાનાં તપતેજથી મઢેલી, સમર્પણથી સુગંધિત આ પવિત્ર ભૂમિનું ગૌરવ ઔર વધારી રહે છે.

૩. ચિત્ર, રંગોળી, સર્વ પ્રકારનાં સુશોભનો, ભજનકીર્તન, વક્તવ્યો-ગરબા વગેરે પ્રવૃત્તિઓના ગુંજારવમાંથી હળવેથી શબ્દાતીત ભણી, શાંત જપયાત્રા ભણી ગતિ કરાવી રહે છે.

૪. આપણાં ચંચળ મનને આપણી 'ગમતી પ્રવૃત્તિ' સાથે જોડી દઈ, સ્થિર કરી દે છે.

૫. પોતપોતાનાં ધર્મ-કર્તવ્ય-ફરજને વળગી રહેવા નિર્દેશી, 'આદર્શ ગૃહસ્થ-સંન્યાસી' રહેવાનો રાહ દર્શાવે છે.

૬. 'સંસારમાં રહો પણ સંસાર તમારામાં ન રહે' કહી મુક્તિ-સ્વાધીનતાનો આનંદ લૂંટવા અનુરોધ કરે છે.

ક્યારેય મંચ પર ચઢી ઉદ્‌બોધન-પ્રવચનના ઘોંઘાટ દ્વારા નહિ પણ પોતાના શાંત-પ્રેમપૂર્ણ વર્તન-વ્યવહાર-વાણી-મૌન દ્વારા આપણને સતત સાવધાન, જાગરૂક રાખવા મથતાં પૂજ્ય શ્રી'મા'ની ઉપસ્થિતિ જ આશીર્વાદરૂપ ! ફૂલ પાસેથી પસાર થઈએ ને સુગંધ આપોઆપ આવી જ જાય એવી સહજતાની આબોહવા પૂ.શ્રી'મા'ની સ્નેહસંનિધિમાં અનુભવાય !

સહજ કર્મની સુગંધ પ્રેમની શક્તિ છે. નમ્ર બન્યા શરણાગતિ સ્વીકારી. પછી પ્રેમ સહજ જ પ્રસરે છે, એ અનુભવી ધન્ય બનીએ; કૃતજ્ઞ બનીએ.

—સંકલન

॥ પૂ.શ્રી 'મા'નું ચૈતન્યસ્વરૂપ ॥

પરમ વંદનીય 'મા'ની સર્વોપરી ચેતનામાંથી એક જ સૂર ઊઠે છે કે, 'જે મનુષ્ય જેને સમર્પિત થઈ જાય છે, તેની જ શક્તિ તેનામાં પ્રવેશતી હોય છે.'

'મા' એ સમજણ આવતાં જ પોતાને 'દેહધારી વ્યક્તિ' ગણવાને બદલે 'ચૈતન્યસ્વરૂપ' તરીકે સ્વીકારીને સાક્ષીભાવે જીવવાનું આરંભ્યું અને આજ પર્યન્ત એમને એક જ રસ રહ્યો છે એને જ સમૃદ્ધ કરવાનો. એને માટે એમને એક 'રાજમાર્ગ' જડી ગયો—'અનન્ય ગુરુભક્તિનો'. ગુરુકૃપાથી જ એ પ્રભુપ્રીતિ-નિષ્કામ ભક્તિના માર્ગે સતત સંચરતાં રહ્યાં અને એટલે જ સદ્‌ગુરુનાં શ્રીચરણોમાં સઘળું ન્યોછાવર કરી દેવાની એમની અભીપ્સા ઉત્તરોત્તર એવી તો તીવ્ર થતી ગઈ કે, એ પ્રતિ પળ ઓગળી જ રહ્યાં છે, પીગળી જ રહ્યાં છે અને આ ઓગળવાનું પણ કેવું ? એક ગ્રીક કથામાં ઈકારસના પાત્રની વાત આવે છે, જેની પાંખો મીણની હતી, સૂર્યકિરણો અડતાં જ તે ઓગળી ગઈ. એમ 'મા'ની ઈશ્વરદર્શી સંતના દર્શનની ક્ષણ એમની ઓગળવાની ક્ષણ બની ગઈ. 'મા'એ જાણે પ્રાર્થ્યું : 'મારામાં જે કંઈ અસ્થાયી, ચંચળ, ક્ષણજીવી, સ્થૂળ છે એ બધું જ ઓગળી જાઓ અને મને આપના પ્રકાશનો અંશ બનાવી દો.' એટલે જ વર્ષોથી 'મા'ની એકધારી પ્રાર્થના રહી છે; 'દર્શન દઈ સમાવી દો.' આ પ્રાર્થના નવ અક્ષરોનો સરવાળો નથી,

એમાં 'મા'ની આયુષ્યભરની ક્ષણ-ક્ષણની સળંગ સાધનાનો પુરુષાર્થપરિમલ મહેકે છે. 'મા'નું સઘળું આંતરઐશ્વર્ય એમાં સમાવિષ્ટ છે.

દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના વ્યારા પાસેના એક નાનકડા ગામ કર્પૂરવનમાં જન્મેલી એક સામાન્ય બાલિકા 'સરોજ' આજે અંબાજીના સ્વર્ગારોહણમાં 'મા' સર્વેશ્વરીરૂપે અધિષ્ઠિત છે. દેશ-વિદેશના હજારો ભાવિકોના હૃદયમાં તેઓશ્રી 'મા પ્રભુ' તરીકે બિરાજે છે. આ હકીકત ગૂઢ કે રહસ્યમય નથી કે નથી કોઈ ચમત્કારલીલા. પણ એક મનુષ્યદેહ પોતાની દીર્ઘ તપશ્ચર્યા અને કઠિન સાધનાબળે દેહ અને મનથી પરે રહેવાની શક્તિ સિદ્ધ કરી શકે તો એ પોતાનામાં રહેલી દિવ્યતા પ્રગટાવી શકે છે અને સૃષ્ટિના સર્વ અંશોમાં રહેલી દિવ્યતાને ઢંઢોળી શકે છે. એની પ્રતીતિ શ્રી'મા' એમના સંપર્કમાં આવનારને સાંપ્રતમાં કરાવી રહ્યાં છે.

—સંપાદન

।। પૂ.શ્રી'મા'ની જીવનઝરમર ।।

'મા' સર્વેશ્વરીના સાધારણ જણાતા જીવનમાંથી એમની અસાધારણતાનું અદ્‌ભુત ઐશ્વર્ય ઊઠે છે. એમના જીવનની ક્ષુલ્લક દેખાતી ઘટનાઓમાંથી એમના મહિમાનું અમૃતગાન ઊઠે છે; એટલે એ દૃષ્ટિએ એમની જીવનઝરમર નિહાળવી રસપ્રદ થઈ રહે.

રામકબીર ભક્તસમાજમાં ઈ.સ.૧૯૪૩ના નવેમ્બરની ૧૩મી તારીખે અધ્યાત્મપ્રેમી કાલિદાસભાઈ અને પ્રેમ-ક્ષમાની મૂર્તિ ભીખીબાને ત્યાં એક દીકરીએ આંખ ઉઘાડી ત્યારે રાત્રિના નવ વાગ્યા હતા. ત્રણ બહેનો (શારદા-સુશીલા-સાવિત્રી) અને બે ભાઈઓ (વિકૃલ-વામન)ની આ નાનકડી બહેનનું નામ પિતાશ્રીએ સરોજ પાડ્યું. 'મા'એ 'પોયણું પાંગર્યું'માં લખ્યું છે : 'જે કળી કાદવથી અળગી રહીને ખીલવા આવી છે તેનું નામ એ જ હોય ને ?' 'મા' સર્વેશ્વરીના પ્રાગટ્યને વધાવતાં એમના સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજીએ પણ કહ્યું છે : 'કપૂરાની કમનીય પવિત્ર ધરતી પર એક પાવન ક્ષણે પરમ ધન્ય ક્ષણે પ્રસન્નતાથી પુલકિત, પ્રેમપરિપ્લાવિત પાવન પદ્મ પ્રકટ્યું. એ પદ્મપરિમલ માનવજાત માટે મંગલમય બનવાનો હતો.'

સરોજના જન્મના તેરમા દિવસે તેને ડબલ ન્યુમોનિયા થતાં ભયંકર તાવથી તેને ખેંચ આવી અને અંતિમ શ્વાસ લઈ તેણે આંખો મીંચી દીધી. દાદીમાએ ડાંગર-જુવારની ટોપલીમાં તેને પધરાવી ને ભીખીબા હૈયાફાટ રુદન કરવા લાગ્યાં તો બાજુવાળાં દૂધીમાં બોલ્યા : 'દીકરી ગઈ તો શું રડવાનું ?' પણ આ કરુણ ઘટનાના એકાદ કલાક બાદ પીપલવાડા ગયેલા સરોજના પિતાજી આવ્યા અને એક પળનોય વિલંબ કર્યા વિના

મારતે ઘોડે વ્યારા જઈ ડૉ.ગમનલાલને લઈ આવ્યા. ડૉક્ટરે આવતાંવેંત સારવાર શરૂ કરી દીધી અને સરોજે આંખો ખોલી !

'મા' સર્વેશ્વરી આ અત્યંત વિસ્મયકારક ઘટનાના સંદર્ભમાં લખે છે : 'શું એ સરોજનું આયુષ્ય ફક્ત ૧૩ જ દિવસનું હશે ? મરણના મુખમાંથી એને કોણ પાછી લાવ્યું ? એ નવા જીવનમાં અનેક શુભ સંકલ્પો સાકાર કરવાની ભૂમિકા હશે ? કે પછી કોઈ સમર્થ સદ્‌ગુરુ એને પરમશક્તિની ક્રીડાસ્થલી બનાવવા ઇચ્છતા હશે ? પૃથ્વી પર પ્રવેશતાં જ પરમકૃપાનું રક્ષાકવચ પ્રાપ્ત થયું.'

સરોજનું શૈશવ વત્સલ પિતાશ્રીના શ્રીઅંકે આધ્યાત્મિક ઉઘાડ પામ્યું. રોજ સવારે પાંચ વાગ્યે તેઓશ્રી શ્લોકો લલકારે, પછી પથારીમાં સૂતાં-સૂતાં તે સાંભળતી સરોજને પીઠ પર ચઢાવી. વાડામાં લઈ જઈ ખોળામાં બેસાડી શ્લોકો શીખવે. જેમ જેમ સરોજ મોટી થતી ગઈ તેમ તેમ તેના મન-અંતરમાં પિતાજીનાં ઉદાત્ત જીવનમૂલ્યો, ઉમદા માનવ્ય, અદ્‌ભુત દેશપ્રેમ અને અનહદ પ્રભુપ્રીતિનો અભિષેક એવો થતો ગયો કે, તેઓશ્રી સ્નેહ ધરનારા જનક જ નહિ, તેના આત્મવિકાસના સાચા પ્રહરી બની રહ્યા. સરોજના મનમાં દૃઢ થઈ ગયું કે, 'દોરા-ધાગા તાવીજનું નહિ, રખેવાળું રામનું'. પિતાજી સરોજને ધાર્મિક પુસ્તકો, બાળસામયિકો લાવી આપે, પ્રવાસોમાં મોકલે પણ હૉટલ, સિનેમા, રામલીલા, ભવાઈ કે ઓટલાપરિષદોથી દૂર રાખે.

કુટંબવત્સલ ભીખીબાએ નમાયાં બનેલાં નણંદનાં ત્રણ છોકરાંઓને પોતાને ઘરે લાવી ઉછેરેલાં. એમનાં પ્રેમ અને ક્ષમા સરોજ માટે કેવા પ્રેરણાસ્રોત્ર બની ગયાં એને માટે એક પ્રસંગ પર્યાપ્ત છે. ઉનાળાની ભરબપોરે ઉપર ધોવાનાં કપડાં લેવા ગયેલાં ભીખીબાની દોઢેક વર્ષની પુત્રી સુશીલાને રડતી જોઈ,

તેમના ભાણેજે તેને ઊંચકી અને પાણીથી ભરેલા તપેલામાં એને ઠંડક લાગશે એમ માની ઝબકોળી. (સખત તડકામાં ગરમ પાણીની વરાળ તેને દેખાયેલી નહિ.) તેને બહાર કાઢતાં બાળકીએ ચીસ નાખી તો ફરી તેને પાણીમાં ઝબકોળી. ત્યાં જ ભીખીબા સાબદાં આવ્યાં. દાઝેલી દીકરીને ગરમ પાણીમાંથી બહાર ઊંચકી, ખાદીના પાતળા કટકામાં વીંટીને હીંચકે બેસી તેને હીંચકા નાખવા લાગ્યાં. ઠપકાનો એક પણ શબ્દ ઉચ્ચાર્યા વિના ! 'મા' લખે છે : 'ક્ષમાના સદ્‌ગુણને કેટલી હદે વિકસાવી શકાય તેનું સ્વર્ગીય દર્શન ભીખીબાએ કરાવ્યું.'

પ્રેમાળ માતાપિતાના સ્નેહસુરક્ષિત નિર્દોષ, નિર્ફિકર સરોજનું શૈશવ જોતાં લાગે છે કે, 'પગલીઓ સરોજની છે પણ સંચાર ''મા'' સર્વેશ્વરીનો છે.' અને એટલે જ પ્રાર્થનાનો પવિત્ર સંસ્કાર એમના શૈશવની અવિસ્મરણીય મૂડી બની જાય છે. બાળકી સરોજને ઘી એટલું તો ભાવતું કે કઢી, દાળ, પૂરી, ઢોકળાં, પાતરાં, મૂઠિયાં, રોટલા-રોટલી, ભાખરી સર્વ પર તે ઘીની સીધી ધાર કરી પેટમાં પધરાવતી. આજનાં નિરાહારી 'મા' લખે છે : 'સરોજની કાયામાં વસતા શ્રી વૈશ્વાનલ પ્રભુને ઘીની આહુતિ ધરી ધરીને સદાકાજ પરમ તૃપ્ત કરી દીધા હોય એવું આજે લાગે છે.' બહેનો સાથે કંઈ વાંકું પડે તો રિસાઈ સીધી સરોજ વ્યારાથી કપૂરા ચાલતી જતી રહે. બહેનોએ ગૂંથી આપેલા ચોટલા છોડી ફરી ફરી ગૂંથાવે. જીદ અને મસ્તી સંગાથી બની જાણે એને સ્વતંત્ર જીવન જીવવા માટેની તાલીમ આપી રહે છે. બાળકી સરોજના સહજ, સરલ, નિર્દોષ શૈશવસ્વરૂપને 'મા' સર્વેશ્વરીએ પોતાનામાં આજેય અકબંધ રાખ્યું છે. શિશુસહજ પ્રસન્નતા અને પારદર્શકતા એમના નિરાવરણ સંતત્વની પહેચાન બની રહે છે.

સરોજના શિક્ષણના શ્રીગણેશ કર્પૂરવનમાં જ મંડાયા. ગામમાં ત્રણ ધોરણ સુધીની જ શાળા હોવાથી ચોથા ધોરણથી સરોજને બે બહેનો સાથે વ્યારામાં રહેવાનું આવ્યું. આઠમા ધોરણમાં આશ્રમશાળાના કડક શિસ્ત અને આકરી જીવનશૈલીનો અનુભવ લેવા એને નડિયાદના વિકૃલ કન્યા વિદ્યાલયમાં પિતાજીએ મૂકી. નવમું ધોરણ સુરતની જીવનભારતીમાં પસાર કરી, દસમું અને અગિયારમું ફરી વ્યારામાં ભણી; સુરતની એસ.એન.ડી.ટી. કૉલેજમાં બી.એ.માં ગુજરાતી વિષયમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવી ઉમાશંકર જોશી પારિતોષિક તેમજ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યા. ત્યાર બાદ એક વર્ષમાં બી.એડ.ની પણ ઉપાધિ મેળવી.

ઈ.સ.૧૯૭૦માં સુરતના સાધના વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે જોડાઈ 'મા' પોતાની અનન્ય કાર્યદક્ષતા તેમજ અપૂર્વ નિષ્ઠાથી આચાર્યા તરીકે નિયુક્ત થયાં. તેમની સમગ્રતાથી કાર્ય કરવાની શૈલીને કારણે તેઓશ્રીને શાળાની બંને પાળીઓમાં આચાર્યા તરીકેની જવાબદારી સંચાલકોએ સોંપી.

શાળાની બેવડી કામગીરી દરમિયાન તેમની આધ્યાત્મિક તપશ્ચર્યા અખંડ રહી. નિત્ય ૨૫૦ માળા પછી જ પાણી પીવાનું, મહિનાઓ ફક્ત પાશેર દૂધ પર રહેવાનું તેમનું વ્રત નિયમિત રહ્યું. વૅકેશન પૂ.શ્રી મોટાના મૌનમંદિરમાં અચૂક જતાં. શાળામાં ભક્તિભાવાતિરેક અનુભવતાં 'મા' પદો સર્જવામાં ક્યારેક રમમાણ થઈ જતાં. તેથી તેમણે બહુ પ્રામાણિકતાથી પોતાની સંસ્થાના સંચાલકોને બેથી ત્રણ વાર પોતાનું રાજીનામું સ્વીકારવા વિનંતી કરી પણ સંચાલકો એક જ વાત નકારતા, 'તમારું સંસ્થામાં હોવું એ અમારું સદ્‌ભાગ્ય છે.'

—સંપાદન

।। શ્રીસદ્‌ગુરુસંનિધિ ।।

સુરતમાં ૧૯૭૦ના ડિસેમ્બરમાં સનાતન હૉલમાં યોજાયેલાં શ્રી યોગેશ્વરનાં પ્રવચનો સાંભળી 'મા' એવાં ધન્ય બની ગયાં કે, એ સંતપુરુષ એમને 'દીવાદાંડી' સમા લાગ્યા અને ૧૯૭૧માં ફરી સાંભળતાં એમને 'મા'એ 'સદ્‌ગુરુપદે' સ્થાપી દીધા. એમનાં પુસ્તકો વાંચતાં વાંચતાં 'મા' લખે છે તેમ, 'પૂજ્યશ્રી પ્રિય લાગ્યા, પૂજ્ય લાગ્યા, વંદનીય લાગ્યા, જ્ઞાની લાગ્યા, નમન કરવા યોગ્ય લાગ્યા.'

પછી તો શ્રી યોગેશ્વરનાં પ્રવચનો–શિબિરોમાં 'મા' નિયમિત જવા લાગ્યાં. શ્રી યોગેશ્વર સાથે સાધના અંગે નિયમિત પત્રવ્યહાર થવા માંડ્યો અને જોતજોતામાં તેઓશ્રી 'આરાધ્યદેવ' તરીકે 'મા'ના અંતરમાં પ્રતિષ્ઠિત થઈ ગયા.

૧૯૭૯માં શ્રી યોગેશ્વરને હૃદયરોગનો હુમલો આવતાં એમની સેવા અર્થે શાળાના આચાર્યપદેથી રાજીનામું આપી, ઘર ત્યાગી કાયમ માટે સદ્‌ગુરુ સાથે 'મા' રહેવા આવી ગયાં. ઈ.સ.૧૯૮૦ની શ્રી યોગેશ્વરનાં માતુશ્રીની મરણતોલ બીમારીમાં તેમની સગી દીકરી પણ ન કરે એવી સેવા કરી.

ઈ.સ.૧૯૮૧ થી ઈ.સ.૧૯૮૪ સુધી 'મા' દેશવિદેશની બધી જ યાત્રાઓ-પ્રવચન શ્રેણીઓ-શિબિરોમાં શ્રી યોગેશ્વર સાથે જ રહ્યાં. પૂજ્યશ્રીના દરેક પ્રવચનને અંતે 'મા'નો વાર્તાલાપ કે એમનું મધુર ભાવભીનું ભજન હોય જ. 'મા'ના ઋજુ, કોમળ, અતિ પ્રેમાળ, મિલનસાર સ્વભાવથી લોકહૃદયમાં એમનું સ્થાન દૃઢ થઈ ગયું.

શ્રી યોગેશ્વરે 'મા' જગદંબાના આદેશથી એમને 'મા' સર્વેશ્વરી નામ આપ્યું; એટલે જ નહિ, 'મા'નું ગૌરવ કરતા કહ્યું, ''મા'' આપણા પરિવારમાં નથી જોડાતાં આપણે ''મા''ના પરિવારમાં જોડાયાં છીએ.

વિદેશ જતા શ્રી યોગેશ્વરને કોઈએ કહ્યું કે, 'આપ વિદેશ જાઓ છો તો એકાદ ભગિની નિવેદિતાને લેતા આવજો.' ત્યારે એમણે કહ્યું; 'અમે તો વિદેશમાં સર્વેશ્વરીને બતાવીશું, કહીશું; જુઓ ! ભારતમાં આવાં સ્ત્રીરત્નો છે.'

શ્રી યોગેશ્વરે અમદાવાદના નારણપુરાના સકલ એપાર્ટમેન્ટ 'સત્યપથ'માં 'મા'ને માટે નિવાસસ્થાન રચી, એમને અત્યંત સન્માનપૂર્વક સાથે રાખ્યાં. તેઓશ્રી 'મા' સર્વેશ્વરીનો પૂરો આદર કરતા અને કરાવતા. એક વાર નીચે બેઠેલાં 'મા'ને આસન આપવા અનુરોધ કરી કહ્યું, 'સર્વેશ્વરીના શરીરનું એ પૂજન નથી. એમના ગુણનું – ત્યાગનું પૂજન કરવું એ સમાજનું કર્તવ્ય છે.'

તેઓશ્રી કહેતા કે, '"મા" સર્વેશ્વરીનાં સર્વ લક્ષણો સાધનાથી મળેલાં પરિણામ જેવાં છે. અમે હિમાલયમાં તપ્યા તો એમણે નોકરી કરતાં કરતાં તપ કર્યું.' તેઓશ્રી અચૂક કહેતા; 'જો પ્રભુનું શરણ લો, વિશ્વાસ રાખો, સાત્ત્વિક જીવન જીવો તો અંદરથી પ્રસન્નતા આવે છે. આખું ક્લેવર સાત્ત્વિક થઈ જાય. તમારી વાણી, તમારી આંખ, તમારું વર્તન પણ પ્રેમમય થશે. "મા" સર્વેશ્વરીના ચહેરાને જોયા કરજો.'

'મા' સર્વેશ્વરીના સાધનાત્મક પ્રશ્નોના શ્રી યોગેશ્વર બહુ સરળ ઉકેલ આપતા. 'મા' પૂછતાં : 'પ્રકાશદર્શન થાય છે પણ એની પાછળ પ્રભુનું સાકાર દિવ્ય રૂપ છે તે કેમ નથી દેખાતું ?' તેઓશ્રી કહેતા; 'પ્રકાશ જ એનું મૂળ રૂપ છે. એની આગળ અથવા પાછળ આકૃતિ હોય. તમને મૂળ રૂપ તો દેખાયું ને ?' 'મા' પૂછતાં; 'રોજ દર્શન કરવા માટે શું કરવું ?' તેઓશ્રી કહેતા : 'રોજ રોજ લાડુ સારા લાગે ? પ્રાર્થના કર્યા કરવી.'

શ્રી યોગેશ્વર સ્પષ્ટ કહેતા; 'ગુરુ-શિષ્યનો સંબંધ શેઠ-

નોકરનો નથી. એ માનવ-માનવ સાથેનો, માનવતાયુક્ત દૈવી સંબંધ છે. ગુરુને ગુરુ તરીકે પૂજી ભગવાન પાસે પહોંચવાનું છે. ભેદબુદ્ધિ નાશ પામતાં ગુરુને પ્રભુ માની પૂજી શકાય.'

'મા' સર્વેશ્વરીને અનન્ય હૈયાધારણ આપતાં શ્રી યોગેશ્વરે કહેલું : 'તમે તો જનમોજનમ સાથે જ રહેશો. તમારા જેવું પ્રિય મને કોઈ નથી. એ વાત ફક્ત બોલવા માટે જ નથી. હું તમારી સાથે છું પછી જગતની શી ચિંતા ? પ્રભુનું મધુર પવિત્ર પ્રેમસ્વરૂપ જ યાદ કરો. પ્રેમથી જ જીવવાનું ને પ્રેમમય જ વ્યવહાર.'

આપણે જગતને એવો આદર્શ ધરીએ કે, જગત મોંમાં આંગળાં નાખી જાય. જુએ કે પ્રેમ તો આવો, ત્યાગ તો આવો જોઈએ. સમર્પણભાવ હોય તો આવો જ જોઈએ. સંયમ અને મધુરતાનો આદર્શ !

શ્રી યોગેશ્વર અને 'મા' સર્વેશ્વરીના આવા પવિત્ર સાત્ત્વિક મધુર અદ્વૈતને કાળની આંચ સાચે જ અડી શકી નથી. આજે ચાળીસ વર્ષ વીત્યા પછી પણ એ 'આધ્યાત્મિક સાયુજ્ય' પ્રત્યગ્ન પુષ્પ જેવું તરોતાજા છે. 'સત્યપથ' અને 'સ્વર્ગારોહણ'નું કણકણ એની સાહેદી પૂરે છે. શ્રી યોગેશ્વરના આરાધકો — 'મા' સર્વેશ્વરીના સાધકોએ ખુલ્લી આંખે જોયેલું — અનુભવેલું એ 'પરમ સત્ય' છે.

અધ્યાત્મવિશ્વનું પરમ સદ્‌ભાગ્ય છે કે, તા.૧૮ માર્ચ ૧૯૮૪માં શ્રી યોગેશ્વરના બ્રહ્મલીન થયા પછી તેઓશ્રીના અધ્યાત્મતેજને અધિક દીપાવવા 'મા' સર્વેશ્વરીની તપશ્ચર્યા દિનપ્રતિદિન અધિક ને અધિક દીપ્તિમંત બનતી ગઈ. 'મા'ની અહમ્‌રહિતતાનું ઐશ્વર્ય અંબાજીના 'સ્વર્ગારોહણ'ને શ્રી યોગેશ્વરના 'પુનિત સ્મૃતિતીર્થ'ની સાથે સાથે 'મા' સર્વેશ્વરીના

'મંગલ સ્નેહતીર્થ'નું ગૌરવ બક્ષે છે. આ પુણ્યભૂમિ 'મા'ના પવિત્ર પ્રેમની સોગાદ છે. પણ 'મા' કહે છે તેમ : 'આવે એ પામે. આવી શકે એ જ પામી શકે. આ ભૂમિની દિવ્યતા-પ્રભુતા સદૈવ ભાવિકોની પ્રતીક્ષામાં હોય છે.'

'મા' 'સ્વર્ગારોહણ' માટે લખે છે : 'તા.૩૧-૧૦-૧૯૮૩ના રોજ પૂજ્યશ્રીનાં ચરણકમળ માત્ર પાંચ મિનિટ અહીં પ્રતિષ્ઠિત થયાં એનો આ સમર્થ પ્રભાવ. એક ક્ષણિક સ્પર્શનો આવો ચમત્કાર ! જેણે આ ભૂમિને તીર્થનો મહિમા અર્પ્યો. આ પવિત્ર ભૂમિ અહીં આવનાર શક્તિસ્વરૂપોથી ભક્તોથી, સાધકોથી, જિજ્ઞાસુઓથી ચિન્મય બની રહે છે.' આપણે કહીએ 'એ પાંચ મિનિટ'ને અનેકાનેક મિનિટો-કલાકો-મહિનાઓ-વર્ષોથી ગુણીએ એટલા 'અનંત સમયદેવતા'ને 'મા' એ પોતાના અસ્ખલિત તપજપથી, અવિરત સાધનાથી, મન-વચન-મૌન-કર્મથી, પ્રત્યેક શ્વાસનો અર્ઘ્ય ધરી, અખૂટ ભક્તિભાવથી, અનન્ય શ્રદ્ધા અને સમર્પણથી, અનેક સેવાકાર્યોથી આ પુણ્યભૂમિનો મહિમા એટલો વધારી દીધો છે કે, અહીંના અણુ-પરમાણુમાં એક વિભૂતિસીમિત ચૈતન્યનો જ નહિ, એક વિરાટ ચૈતન્યનો — પરમ પ્રભુનો આવિર્ભાવ વરતાય.

આજે ચાલીસ-ચાલીસ વર્ષ પછી, સાધનાનાં એક પછી એક સુમેરુ શિખરો સર કર્યા પછી, શ્રી યોગેશ્વર—ગુરુદેવના એક એક વિચાર, આદર્શ, ધ્યેય, સ્વપ્ન અરે ! એક એક તરંગ સ્પંદનને મૂર્તરૂપ આપ્યા પછી પણ 'મા' એ ક્યાંય પોતાનું નામ ઊપસવા દીધું નથી. પોતે સ્વયંસિદ્ધ હોવા છતાં, અનેક દિવ્ય શક્તિઓથી વિભૂષિત હોવા છતાં, સાધનાનો કોઈ છેડો ન હોઈ શકે એવો આદર્શ 'મા' ક્ષણક્ષણમાં મૂકી રહ્યાં છે.

—સંપાદન

।। પૂ.શ્રી'મા'ની શ્રદ્ધાનું રહસ્ય ।।

એક નટખટ, તોફાની, જિદ્દી કન્યકા સરોજનું રૂપાંતર 'મા' સર્વેશ્વરીમાં કેવી રીતે થયું હશે ? એક અતિ સફળ તેજસ્વી કારકિર્દીવાળાં આચાર્યા સરોજબહેન અતિ સ્નેહસુરક્ષિત એવા કુટુંબના નીડને ત્યાગી અધ્યાત્મના વિશાળ આકાશમાં ઉડ્ડયન માટે કેમ તત્પર બન્યાં હશે ? ગુરુશ્રદ્ધા એવી તો કેવી પ્રબળ હશે કે, નિમિષમાત્રમાં સરોજબહેને સંસાર જ ત્યજી દીધો હશે ? વર્ષોથી અધ્યાત્મના આકરા માર્ગે એકલપંથી 'મા' સર્વેશ્વરી કેવી રીતે સ્થિર, નિશ્ચલ રહી, સાધનાનાં શિખરો એક પછી એક સર કરી રહ્યાં હશે ?

'મા' સર્વેશ્વરીના સંપર્કમાં આવનારના મનમાં આ અને આવા ઘણા પ્રશ્નો ઊઠે એ બહુ સ્વાભાવિક છે. એની સામે 'મા'નો એક પ્રત્યુત્તર છે : 'ઈશ્વરદર્શી સંતનું દર્શન' એના કદાચ વિવરણરૂપે 'મા'નું કહેવું છે : 'ઈશ્વરદર્શી સંતનું દર્શન' દુર્લભ હોય છે. એવા મળે તો સાંસારિક સુખસગવડોને બદલે 'પ્રભુદર્શનની જડીબુટ્ટી' માંગજો. એમનાં વચનોમાં અતૂટ શ્રદ્ધા-વિશ્વાસ જાગી જવાં જોઈએ.

નોકરીના રાજીનામા સાથે ઘરબાર, ધનસંપત્તિ અને કૌટુંબિક સ્વજનોનો સહજ ત્યાગ થઈ ગયો હતો. અમને દાસ મલુકાના એ વચનમાં શ્રદ્ધા હતી :

અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ,
દાસ મલુકા એ કહે, સબકા દાતા રામ.

આજે વર્ષો થઈ ગયાં અમારું યોગક્ષેમ પ્રભુ ચલાવી રહ્યા

છે. પૂજ્યશ્રી અમારી આધ્યાત્મિક, ભૌતિક અને શારીરિક રીતે સંભાળ રાખી રહ્યા છે. 'દિવ્ય આધ્યાત્મિક અનુભવો' આપી અમારી શ્રદ્ધાને બળવત્તર બનાવી રહ્યા છે.

આજે અમારી વાણીમાં જે શ્રદ્ધા અને શક્તિ જોવા મળે છે તેની પાછળ અમારી અનુભૂતિનું બળ છે.

નરસિંહ મહેતાની હૂંડી પ્રભુએ સ્વીકારી હશે એ કોઈ ગપગોળાની વાત નથી. અમારો તો એ અનુભવ છે. અમારા જીવનનિર્વાહ માટે કોઈ આવક નથી. તેમ અમે કોઈ પાસેથી અમારા અંગત ખર્ચ માટે કશું જ લેતાં નથી. છતાં અમારા ભગવંત અમારું યોગક્ષેમ અદ્‌ભુત રીતે વહન કરી રહ્યા છે. અમારા શામળિયાશેઠ આજે પણ અમારી હૂંડીઓ સ્વીકારી રહ્યા છે.

આ શરીરને ટકાવનાર પણ એ જ પરમ શક્તિ છે. અમારાં કઠિન વ્રતો પણ એ જ કરાવે છે. અમારી કોઈ શક્તિ નથી. સાધનાપંથ કેટલો કઠિન છે તે શબ્દો દ્વારા નહિ વર્ણવી શકાય. આ શરીરમાં જે કંઈ આપવા જેવું હતું તે પ્રભુને અર્પી દીધું છે. હવે આ અસ્થિપિંજરને પણ ભસ્મીભૂત કરવા તૈયાર છીએ. ડૉક્ટરોને પણ આ શરીરમાં કોઈ શારીરિક તકલીફો જણાઈ નથી. કોઈ ચલાવે છે આ શરીરને ? વિજ્ઞાન પણ હાથ જોડીને ઊભું રહ્યું !

અમારું એ સદ્‌ભાગ્ય હતું કે, અમને એ ઈશ્વરદર્શી સંત મળ્યા. તમને એવા કોઈ મળે તો તેને વળગી રહેજો, પકડી રાખજો. તુકારામ કહે છે તેમ, 'સંતના ઘરમાં કૂતરો થવાનું મળે તોપણ સદ્‌ભાગ્ય માનજો.'

—સંપાદન

।। શ્રી 'મા'નું ભીતરી ઐશ્વર્ય ।।

શ્રીકૃષ્ણપ્રેમ કહે છે : દીવો કોડિયામાં બળતો હોય ત્યારે કોડિયાનો અને કોડિયું બનાવનાર કુંભારનો સંબંધી લાગે પરંતુ એનો સાચો આંતરિક નાતો સૂરજતારાની આખી પ્રકાશની પેઢી સાથે છે. એમ સ્થૂળ રીતે જોતાં 'મા' સર્વેશ્વરીનાં બાહ્ય દેખાવ, પહેરવેશ તેમજ રીતરસમ કર્પરવનના ભક્તકબીર સમાજની, માતાપિતાના સંસ્કારવારસાની એક જીવંત તસવીર સમાં ભાસે. અત્યંત પાતળી દેહયષ્ટિ એને આવૃત શ્વેત ગુજરાતી ઢબે ધારણ કરેલી સાડી, સુઘડ હોળેલા વાળ, કપાળમાં લાલ નાનો ચાંદલો, ગળામાં સોનાનો દોરો, કાનમાં નાની સોનાની બુટ્ટીઓ, એક હાથમાં સોનાની બંગડી, બીજા હાથમાં સોનેરી પટ્ટાવાળું ઘડિયાળ, બધું એટલું સાધારણ કે એમની પાસેથી પસાર થઈ જઈએ તો એમના 'ભીતરી ઐશ્વર્ય'નો અણસાર સુદ્ધાં ન આવે. એકદમ અકલ્પ્ય (unassuming) વ્યક્તિત્વ !

હા, પણ જરા ધ્યાનથી જોઈએ તો એમના મુખારવિંદ પર સદા વિલસતું હાસ્ય, છવાઈ રહેતી નિખાલસ નિર્દોષતા, વાતેવાતે નેત્રોમાં ચમકતું તેજ, નાજુક કરાંગુલિઓની કાર્યતત્પરતા, કોમળ ચરણદ્વયની ચપળતા, સ્લેટધારિણી 'મા'ની કલમમાંથી ઝરતાં વહાલ કે વઢનાં અમૃતવચનો, દેહમાં રહેવા છતાં દેહભાવથી પર એવી હળવાશભરી મુક્તિનો પ્રસન્ન અનુભવ કરાવતાં 'મા'માં સરળતા, સહજતા, સ્વચ્છતા અને પવિત્રતાનો મંગલમય આવિર્ભાવ વરતાય. 'મા'ની સ્થિરતામાં અદ્‌ભુત શાંતિ અને એમની ગતિમાં સહજ સ્ફૂર્તિ અનુભવાય અને જ્યારે 'મા'ના અસ્તિત્વના ઊંડાણમાંથી વહી આવતાં સૂક્ષ્મ પ્રેમનાં આંદોલનો આપણને સ્પર્શે ત્યારે આપણાં મન-અંતર પ્રક્ષાલિત થયા વિના રહે જ નહિ. એમની પુનિત સ્નેહસંનિધિમાં એમની અનોખી આત્મીયતા-કરુણા ઝરતી લાગે.

કહે છે કે, 'ગુરુ પાસે એક શીતળ ઊર્જા હોય છે. એમાં શાંતિ

અને મૌનનું એક સરોવર હોય છે એમાં ડૂબકી મારતાં જ તીર્થસ્નાન !' આ ઊર્જા ક્યારેક એમના બોલવાથી મળે, ક્યારેક એમના ન બોલવાથી મળે, ક્યારેક એમના જોવાથી મળે, ક્યારેક એમની બંધ આંખોમાંથી મળે, ક્યારેક એમના બેસવાથી મળે, ક્યારેક એમના ઊઠવાથી મળે. આમ 'મા' પાસે જવાથી એ અનેક રૂપે, અનેક રીતે મળે છે. એ આપણને આંજવા નહિ, માંજવા આવે છે. આપણા રજસ-તમસ ખંખેરી એ આપણને આપણી સાત્ત્વિકતામાં સ્થિર કરે છે. આપણામાં રહેલું મિથ્યા ત્યાં ફરકી શકતું સુદ્ધાં નથી. આપણું ભીતરી સત્ય જાણે પ્રગટું-પ્રગટું થઈ રહે છે. પૂ.શ્રી મોટા કહે છે તેમ, 'સાચા ગુરુ આપણને શીખવવા નહિ, જગાડવા આવે છે.'

આમ, 'મા'નો આંતરદીપ આપણને પ્રતીતિ કરાવે છે કે, 'મા'નો આંતરિક નાતો જ્ઞાન, ભક્તિ કે કર્મથી પરમાત્માના પંથે ચાલી નીકળેલ દરેક આત્મા સાથે છે. પછી તે તેમના શ્રી ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વર હોય, શ્રી રમણ હોય, શ્રી રામકૃષ્ણ હોય કે શ્રી મોટા હોય....અરે ! સૃષ્ટિના કોઈ આત્મતત્ત્વ સાથે 'મા'ની ચેતનાનો અનુબંધ નથી એમ નથી. એટલે 'મા' જાણે પોતાના અંતરાત્મામાં અધ્યાત્મનો સઘળો વારસો-પ્રકાશની આખી નક્ષત્રમાળાનો વૈભવ ધારે છે; એને કૃતજ્ઞતાથી વંદી વિનમ્રભાવે 'મા' કહે છે :

'જેના જીવનમાં શ્રદ્ધા જાગી હરિ સાચવે તેને હેત ધરી.'

'ONLY LOVE' પુસ્તકના રચયિતા દયામાતા વિશેના શ્રી ચક્રવર્તીના શબ્દોમાં કહીએ તો, '"મા"ને જાણવાં-ઓળખવાં-સમજવાં એટલે જે પ્રેમમાં છે એમની સાથે પરિચય કેળવવો. આ એક એવો પ્રેમ છે જે સર્વાશ્લેષી છે અને પરમાત્મામાં આનંદપૂર્ણ ધન્યતા અનુભવનારો છે. જ્યારે કોઈ આત્મા દિવ્ય પ્રેમની અનુભૂતિ કરે ત્યારે એની આધ્યાત્મિક ચેતના કેવી-કેટલી વિસ્તરે છે, એ ચૈતન્યપ્રસારની અહીં વાત છે. આ ચૈતન્યપ્રસાર એ જ 'મા'નું આંતરઐશ્વર્ય.'

—સંપાદન

।। અનિકેત પૂ.શ્રી 'મા' ।।

'મા' સર્વેશ્વરી કર્પૂરવન વ્યારા, સુરત, અમદાવાદની ભૌગોલિક સરહદોને પાર કરી આજે 'અનિકેત' બની શક્યાં છે. પોતાની અતિ સફળ કારકિર્દી, માતા-પિતા, ભાઈ-બહેનોના અખૂટ સ્નેહરાશિ તેમજ સર્વ સામાજિક સંબંધો પરહરીને 'કેવળ પ્રભુમય' જીવન જીવી રહ્યાં છે; અને તેય કોઈ એકાન્ત ખૂણે નહિ પણ ભક્તિમય-સાધનામય જીવન જીવવા ઇચ્છતા જનસમાજની મધ્યે 'આચારસિદ્ધ અધ્યાત્મ'નો ઉજાસ પાથરી રહ્યાં છે. કરોડો જપ, ધ્યાન, નિર્જળા ઉપવાસો, રોજના નિયત દંડવત્ પ્રણામો પાઠો-પારાયણો, યોગાસનોમાં રત રહી, પોતાની સાધનાની જ્યોતને ઝળહળ રાખતાં 'મા' અહમ્-રહિતતાનું એક આકાશ વિસ્તારી રહ્યાં છે, એમાં એમનું આંતરઐશ્વર્ય અભૂતપૂર્વ રીતે વિલસે છે; જે શ્રી રમણના શબ્દોની યાદ અપાવે : 'જ્યારે મનુષ્ય પોતાના સાચા સ્વ-રૂપને પિછાને છે ત્યારે 'કોઈક બીજું' તેના અસ્તિત્વના ઊંડાણમાંથી પ્રગટે છે અને તેનો કબજો લઈ લે છે. એ 'કોઈક' તેના મનની પાછળ હોય છે. તે અનંત, દિવ્ય અને સનાતન હોય છે. જ્યારે આવું બને છે ત્યારે મનુષ્યે પોતાને ગુમાવ્યો નથી હોતો પણ મેળવ્યો હોય છે.'

આમ, અતીતના સઘળા ગૌરવ સાથે 'મા'નો સાંપ્રત ઊભો છે. 'મા'ના જીવનનું ચાલકબળ જ સહજ પ્રેમતત્ત્વ છે, જે એમનું પ્રાણતત્ત્વ છે. અને એટલે જ કપૂરાની માટીની મહેક એમનામાં સચવાઈ રહી છે. વ્યારાનાં શૈશવસહજ તોફાન-મસ્તી-જીદ અત્યારનાં દૃઢ સંકલ્પ, સ્વાધીનતા, ધૈર્યમાં રૂપાંતરિત થઈ ગયાં છે. સુરતના સાધના વિદ્યાલયનાં એક વારના આચાર્યા 'મા'ની સાથી-શિક્ષકો પરત્વેની કૃતજ્ઞતા અકબંધ રહી છે. સુરત એમના અધ્યાત્મનું પ્રવેશદ્વાર બન્યું અને અમદાવાદની વિવેકાનંદ હૉસ્પિટલમાં 'મા'એ ગુરુસેવામાં અસ્તિત્વની એવી સાર્થકતા અનુભવી કે 'મા'થી સમગ્ર સંસાર જ છૂટી ગયો. સ્થળો, સ્થૂળ પ્રદેશો છૂટતાં ગયાં, પણ સૂક્ષ્મ ભાવસંબંધને લીધે એ બહિર્ગત અંશ મટી, અંતર્ગત અંશ બની 'મા'ના અસ્તિત્વમાં ઓગળી, એકરસ થઈ ગયા. આમ, 'મા'ની અલપ-ઝલપ છબી જોતાં લાગે છે કે, 'મા'નું સહજ વલણ સર્વનો સાર ગ્રહી, થોથાં ઉરાડી દેવાનું રહ્યું છે.

—સંપાદન

।। શ્રી 'મા'માં જીવ-શિવનો સંવાદ ।।

'મા'ના અસ્તિત્વમાં જીવ અને શિવનો એવો સહજ સંવાદ જોવા મળે છે કે જાણે બંને એક સિંહાસને અધિષ્ઠિત છે ! એટલે સ્વાભાવિક રીતે જ 'મા'ના શરીર, મન અને વાણીને સ્તરે એક અનોખું, ક્રાન્તિકારી કહી શકાય એવું પરિવર્તન જોવા મળે છે.

શરીરને પ્રકૃતિનું ઉત્તમ વરદાન માની 'મા' એમની વૃત્તિઓને તંદુરસ્ત રાખવા, પ્રાકૃતતાથી સુસંસ્કૃત રાખવા હંમેશાં મથે છે. સાત્ત્વિક આહારનાં બીજ તો નાનપણથી જ હતાં. ઈ.સ.૧૯૮૪થી 'મા'એ અન્નત્યાગ કર્યો નહિ, થઈ ગયો. એમને ખાવાની ઇચ્છા જ ન રહી. વર્ષો સુધી એક દિવસ ફળાહાર અને એક દિવસ નિર્જળા ઉપવાસનો સિલસિલો સળંગ ચાલ્યો પણ આરોગ્ય કદી કથળ્યું નહિ. 'મા'ના બધા રિપોર્ટ્સ નૉર્મલ જોઈ ડૉક્ટરો પણ આશ્ચર્ય અનુભવે છે.

નિદ્રાજય 'મા'ને સહજ છે. નિદ્રાના કલાકો અતિ અલ્પ હોવા છતાં થાક કે સુસ્તી એમનામાં કદી ન વરતાય. સદાય સ્ફૂર્તિવંત, તાજગીભર્યા ને પ્રવૃત્તિતત્પર લાગે.

૧૯૯૦ થી શરૂ થયેલા 'મા'ના પ્રણામો રોજના ૩૭૦ સુધી પહોંચી ગયેલા. ૨૦૧૩થી 'મા'એ રોજના ૧૮૫ સાષ્ટાંગ પ્રણામ કરવા શરૂ કર્યા છે. યાત્રાએ જવાનું હોય તો 'મા' આગોતરા પ્રણામ કરી લે. પ્રભુનું દેવું કદી ન રાખે. કોઈ વિશેષ અવસર હોય તો 'મા'ના પ્રણામોની સંખ્યા વધી જાય. પ્રણામ 'મા'ને મન વ્યાયામ નથી, સાધના છે અને એ એમને એટલા પ્રિય છે કે, 'પોતાના એકના એક સંતાન માટે ડૉક્ટર જે કહે તે કર્યા વિના 'મા' રહી જ ન શકે. તેમ અમને પ્રણામ ખૂબ ગમે એટલે કર્યા વિના રહેવાય જ નહિ' એમ તેઓશ્રી કહે છે.

યોગાસનો, પ્રાણાયામ, શરીરની અન્ય કસરતો ઉપરાંત જપ કરતાં કરતાં થતી પ્રદક્ષિણા, આ સર્વ અતિ નિયમિત કરી, સાધનાના કરણ તરીકે 'મા' શરીરનો ઉત્તમ ઉપ-યોગ કરી, આજે ૮૨ વર્ષ વટાવ્યા પછી પણ યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ, કાર્યક્ષમતા સાધે છે. ક્વચિત્ કોઈ અંગ આંગળી ઊંચી કરે તો તેની સાથે મિત્રવત્ વ્યવહાર

કરી, પોતાનું ધાર્યું કરાવી લે છે. આમ 'મા' શરીરમાં રહેવા છતાં શરીરથી પર રહી શકે છે. કોઈ પણ પ્રકારની બળજબરી કર્યા વિના 'મા' કહે છે તેમ, 'શરીર ડાહીમાના દીકરાની જેમ વર્તે છે.' સ્વર્ગારોહણના નિર્માણકાર્યમાં માટીનાં તગારાં માથે ઉપાડવાના, પથ્થરો, ઈંટો ઊંચકવાના, ફૂલછોડો-વૃક્ષોને પાણી પાવાના કાર્યમાં સેવકોને સહયોગ ધરતાં 'મા'નાં દર્શન થયાં છે.

'મા'એ સાબિત કરી આપ્યું છે કે 'જો શરીર પ્રકૃતિનાં બળો પ્રત્યે નહિ પણ જો પ્રભુની શક્તિ પ્રત્યે ખુલ્લું હોય તો ક્યારેય માંદું પડતું નથી.' કોમળ, સ્થિતિસ્થાપક શરીર 'મા'ના શ્વાસોચ્છ્વાસ, રુધિરાભિસરણ અને પાચનતંત્રના લયને સરસ જાળવે છે. 'મા' કહે છે તેમ, 'એક પણ ગોળી-ટીકડી વિના 'મા'ના શરીરનું તંત્ર પ્રભુ સંવાદી રીતે ચલાવે છે.' સાચે જ 'शरीरम् आद्यं खलु धर्मसाधनम्'એ શાસ્ત્રવચનને 'મા' આમ સહજ સન્માને છે.

'મા'એ બંધન-મોક્ષના કારણરૂપ મનને બહુ સરસ કેળવ્યું છે. માતાપિતા, શાળા, કૉલેજ, કારકિર્દી, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક વિચારધારાઓ તેમજ સદ્‌ગ્રંથો તથા સંત-સંનિધિથી એને વૈભવવંતુ કર્યું છે. છતાં સમાજના નિશ્ચિત માળખામાં જડ એકમ બની ગોઠવાઈ જવાને બદલે એ પોતાની પસંદગીનું સ્વાતંત્ર્ય જીવે છે. 'મા'નું મન એટલું તો સ્વાધીન છે કે, ભૂતની સ્મૃતિનો ભાર નહિ, ભવિષ્યની ચિંતા નહિ અને વર્તમાનમાં પણ સનાતનતાની, નિત્ય નૂતનતાની સૌરભ માણે છે. 'મા'ના સ્વસ્થ, સંતુલિત મનમાં કોઈ આગ્રહ, કોઈ ઈચ્છા, કોઈ વળગણ, રાગદ્વેષ, ગમા-અણગમા, પૂર્વગ્રહ કે નિષેધ નથી. પ્રભુપ્રેષિત પ્રત્યેક પરિસ્થિતિનો સહજ સ્વીકાર હોવાથી, સુખદુઃખનાં દ્વન્દ્વ એમને સતાવતાં નથી. એમનું મન સદૈવ શાંત અને પ્રસન્ન રહે છે.

આમ, 'મા' એટલે સ્વસ્થ શરીર, પ્રફુલ્લિત મન અને પ્રસન્ન આત્મા. ઉત્તમ ગુણયુક્ત જીવન જેમાં નિત નવું શીખવાની તત્પરતા નવા-નવા પ્રયોગોને આવકારી, પરંપરાને આત્મસાત્ કરી; શાશ્વતી સાથેના સંબંધને ઓર જીવંત, ઓર દૃઢ બનાવવાનો જાણે કીમિયો !

—સંપાદન

॥ શ્રી 'મા'માં મનુષ્યત્વ અને દિવ્યતાનો વિરલ સંયોગ ॥

પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીએ વ્યાસપીઠ પરથી કોઈ વિદ્વત્તાભર્યા પ્રવચનો નથી આપ્યાં કે નથી તત્ત્વજ્ઞાનસભર ગ્રંથો લખ્યા. કેવળ ઈશ્વરદર્શનની ઝંખનામાં ચકચૂર એવી સંપૂર્ણ પ્રેમથી સભર અંતર વાણી સરળ ભજનો દ્વારા, 'અર્ઘ્ય' અને 'અંજલિ' ભજનસંગ્રહો દ્વારા, પોતાના સદ્‌ગુરુની ગહન-ગંભીર આત્મકથા 'પ્રકાશના પંથે'ના સરળ સર્વસુલભ પદ્યાનુવાદ 'લીલામૃત' દ્વારા, તથા 'દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ' દ્વારા, આજ સુધી અપ્રગટ 'કથામૃત' તેમ જ 'શ્રી હરિની શબ્દયાત્રા' ગ્રંથો દ્વારા વહાવી છે. પ્રભુસૂચિત જનકલ્યાણ માટે સ્લેટનો આધાર સેતુરૂપે લીધો છે, એ સિવાય એમણે મૌનને જ મુખર થવા દીધું છે. અનવરત જપ-તપ-સાધનાથી આત્મા-પરમાત્માનું સહજ સાયુજ્ય રચીને જાણે આપણને સૂચવી રહ્યાં છે : 'અખંડ બનો, સહજ બનો અને પોતાની સહજતાને સમગ્રતાથી જીવો.'

'મનુષ્યત્વ' અને 'દિવ્યતા'નો વિરલ સંયોગ પૂ.'મા' સર્વેશ્વરીમાં એવો અનુભવાય છે કે તે મનુષ્યના સૌભાગ્યનો પર્યાય બની રહે. કેટલીય ચેતનાઓના ભાગ્યોદયના એ નિમિત્ત છે. 'મા' સર્વેશ્વરી પ્રેમની એક એવી પુનિત ગંગા છે. જેમાં અવગાહન કરનાર ધન્ય બને છે, જીવનની સાર્થકતા અનુભવે છે.

અસંખ્ય જિજ્ઞાસુઓને અલગ-અલગ અનુકૂળ બોધ તેમજ માર્ગદર્શન આપવાની ક્ષમતા એમનામાં અપૂર્વ છે. વિશાળ જનસમૂહને પ્રભુપથ તરફ પ્રેરવાની જવાબદારી એમની કરુણામાં છે. પ્રેમ અને કરુણાનું મૂર્તિમંત સ્વરૂપ 'મા' સર્વેશ્વરી છે. આજે વિશ્વ પ્રભુવિહીન, મનુષ્ય આત્માવિહીન અને સંસ્કૃતિ

મૂલ્યવિહીન છે ત્યારે પ્રેમ, શ્રદ્ધા અને અધ્યાત્મની જીવતી જાગતી તસવીર એવાં 'મા' જેવા સંતોનું હોવું સમગ્ર માનવજાત માટે પરમ કલ્યાણકારક છે.

દાદા ધર્માધિકારીએ શ્રી વિમલા ઠકાર માટે ઉચ્ચારેલા શબ્દો 'મા' સર્વેશ્વરીના સંદર્ભમાં પણ એટલા જ સાચા લાગે : 'ચેતનાના જે સ્તરે એ છે, એ જીવે છે એની કલ્પના પણ કરવી દુષ્કર છે.' કારણ એ કે, 'મા'ને શાસ્ત્રો રટવામાં, ઉપદેશોથી મંચ-સભાઓ ગજવવામાં, પ્રચારમાધ્યોમાં છવાઈ જવામાં, ધન-કીર્તિની એષણાઓમાં અટવાઈ જવામાં, પોતાનું નામ ઉપસાવવામાં લેશમાત્ર રસ નથી. નથી એમને કોઈ અન્ય સ્પૃહા. જે કેવળ પ્રેમ, ફક્ત પ્રેમ અને માત્ર પ્રેમમાં વહી જવાની એકમાત્ર અભીપ્સા સેવે છે. 'Nothing more, nothing less' અને તેય મૌનમય સ્વરૂપે, શાંત રહીને, સ્વયં પ્રસન્ન રહે છે અને સૌને પ્રસન્ન કરવા ચાહે છે. આટલાં આંતરસમૃદ્ધ 'મા'નું શીલ સહજ વિનમ્રતાનું છે એટલે તેઓશ્રી કહે છે :

'મા'ને કોઈ સંસ્થા સાથે ન જોડો.

'મા' રહે છે ભાવિકોના હૃદયમાં

'મા' રહે છે ''સત્યપથ''ના એક ખૂણે

'મા' રહે છે પૂજ્યશ્રી યોગેશ્વર પ્રભુના શ્રીચરણતળિયે રજરૂપે

પણ સ્વયં શ્રી યોગેશ્વરજીએ સ્પષ્ટ કહ્યું હતું કે, 'શ્રી રામકૃષ્ણના શબ્દો; જે ગંગાના પાણીને પાણી, વૃંદાવનની રજને રજ ને જગન્નાથના પ્રસાદને સામાન્ય પ્રસાદ માને છે તે ભૂલ કરે છે. એમાં પૂર્તિ કરતાં કહું તો જે સર્વેશ્વરીને સામાન્ય સ્ત્રી માને છે તે ભૂલ કરે છે. એ તો જગદંબાનું પ્રગટ સ્વરૂપ છે.'

—સંપાદન

।। પૂજ્ય શ્રી યોગેશ્વરજીની દૃષ્ટિએ શ્રી 'મા' ।।

શ્રી યોગેશ્વરે 'મા'ની ઓળખાણ કરાવતાં કહ્યું છે :

* 'મા ભગવતી, પરમાત્માની પરમ આહ્લાદિની શક્તિ પોતાની લીલાને માટે પોતે જ શ્રીવિગ્રહ ધારણ કરે છે ને સ્વેચ્છા પ્રમાણે પ્રગટે છે. પ્રેમ, રસ, પવિત્રતાના સ્વરૂપ સમાન પ્રગટે છે. એને કર્મબંધન નથી નડતાં. એનું જીવનકાર્ય જુદું જ હોય છે. એ જેના પર અનુગ્રહ કરે છે તે ધન્ય બને છે. એ નારીરૂપે નારાયણી છે.'

* 'મા' તમે તીર્થસ્વરૂપ છો. તીર્થો તમારા પરમ તીર્થરાજમાંથી જ પ્રગટ્યાં છે.

* સૌ કોઈ એમને ઓળખી, સમજી, સન્માની નહિ શકે. જેનો પૂર્વેનો પુણ્યોદય હશે એ જ અલ્પ પણ ઓળખશે, સમજશે, સન્માનશે; એ લાભાન્વિત થશે, ધન્ય બનશે.

* મારા જીવનમાં મેં જેમના અલૌકિક અનુગ્રહની ઉપલબ્ધિ માટે આકરી આરાધના કરેલી તે 'મા' જગદંબા પોતે જ એમનું સ્વરૂપ ધારીને અણીને વખતે, મારી સેવા માટે આવી પહોંચ્યાં.

* ભવિષ્યમાં 'મા' સર્વેશ્વરી થકી અનેક જીવોનું કલ્યાણ થશે.

—સંપાદન

॥ શ્રીકૃષ્ણ અને શિવનું અદ્વૈત શ્રી'મા'ની ગુરુભક્તિમાં ॥

પરમ વંદનીય 'મા' સર્વેશ્વરીનું સમગ્ર જીવન જોતાં લાગે છે કે, તેમણે પોતાના મસ્તકે તત્ત્વજ્ઞ કવિ કબીરના શબ્દોને ધરી રાખ્યા છે : 'સાધુ ઐસા ચાહિયે જૈસે સૂપ સુહાય

સાર સારકો ગ્રહી રહૈ, થોથા દેઈ ઉડાય.'

અને એના અજવાળામાં પોતાના જીવનતત્ત્વને શોધી લીધું છે. સમગ્ર સૃષ્ટિ તેમજ સૃષ્ટિનિયંતાના સારસર્વસ્વને સારવી લીધું છે. પરિણામ સ્વરૂપે એમણે પસંદ કરેલો નિષ્કામ ભક્તિનો માર્ગ એમના આંતરઐશ્વર્યને પૂર્ણપણે પ્રગટાવી શક્યો છે, પ્રસરાવી શક્યો છે.

સૌ પ્રથમ વાત કરીએ તો 'મા'ને મહાત્મા શ્રી યોગેશ્વરમાં કેવળ સદ્‌ગુરુ કે પ્રભુના પ્રતિનિધિ જ નહિ, સ્વયં પ્રભુ પ્રતીત થયા; એનું કારણ એ કે, 'મા'ને એમનામાં શિવ અને શ્રીકૃષ્ણ બંનેનું સારતત્ત્વ દેખાયું. વિમલા ઠકાર કહે છે તેમ, આપણી સંસ્કૃતિમાં આ બે 'પરમ ગુરુ' મનાયા છે. 'કૃષ્ણ' એટલે જ્ઞાન જેમની મુદ્રા, પ્રેમ જેનું શીલ, અન્યાયનો પ્રતિકાર જેનો પ્રાણ. જેણે પોતાને માટે ક્યારેય કશું કર્યું નથી. ન કોઈના રંગે રંગાયા, ન કોઈનો દ્વેષ કર્યો અને સૌને પોતાનાં કર્યા. આવા ચિત્તને આકર્ષતા 'શ્રીકૃષ્ણ' તો 'શિવ' એટલે સર્વદા સર્વના મંગળકર્તા. એમની બધી જ વિશિષ્ટતાઓ પાછળ એક સંકેત છે. 'શંકર' જે સૌનું કલ્યાણ કરે 'નીલકંઠ' સૌનાં વિષ હજમ કરી, અમૃતપાન કરાવે, 'ભુજંગ' જે વાસના-વિકાર-અહંકારનું ગરલ કરે, 'ચંદ્ર' જે ચિત્તમાં સદા સમતાની શીતળતા પ્રસારે, 'સ્મશાન' જે નિર્લેપ-નિરાકારનું પ્રતીક બને જે કશાયથી બંધાય નહિ, જેનું મસ્તક તણાવમુક્ત હોય એ સદા શિવ એ સદાશિવનું સારતત્ત્વ જોયું-અનુભવ્યું અને એટલે જ એમણે પહેલાં 'ૐ નમઃ શિવાય', પછી 'જય ગોપાલ' અને પછી 'શ્રીયોગેશ્વરાય નમઃ'નો મંત્ર સ્વીકાર્યો. આમ, પૂ.શ્રી'મા'ની ગુરુભક્તિમાં શ્રીકૃષ્ણ અને શિવનું અદ્વૈત પ્રતીત થાય છે.

—સંપાદન

।। આપણા જીવનમાં 'શ્રીકૃષ્ણ'નું સ્થાન ।।

ગદાધર પંડિતે ચૈતન્યને કહ્યું :

'પહેલાં કોઈનો સંગ જ ન થજો
કદાચ સંગ થાય તો સ્નેહ ન થજો
અને સ્નેહ થઈ જાય તો વિરહ ન થજો
અને વિરહ થઈ જાય તો તો પછી
જીવતરની આશા જ ન રહેજો.'

ત્યારે ચૈતન્યે કહ્યું :

'જ્યાં વિરહ નથી, વિદાય નથી, વિયોગ નથી
એવો કૃષ્ણનો પ્રેમ હું તમને આપું છું.
શ્રીકૃષ્ણનો પ્રેમ શાશ્વત છે, અસલ છે.'

શ્રીકૃષ્ણ સનાતન શિશુ છે. દરેક મનુષ્યે જીવનયાત્રામાં કોઈ ને કોઈ વિષમ ક્ષણે કૃષ્ણના સારથિપણાને અનુભવ્યું છે. પ્રેમનું શુદ્ધ સ્વરૂપ એ કૃષ્ણ છે. મૈત્રીનું પરમરૂપ એ કૃષ્ણ છે. એનો પ્રેમ કદી વહેંચાતો નથી, અનેકગણો બનીને પથરાય છે. એટલે જે પ્રેમના ભાગલા પાડવાને બદલે (પ્રેમને વિભાજિત કરવાને બદલે) શતધારે પ્રેમ વરસાવે ત્યારે એનામાં કૃષ્ણનો જ અંશ હોય છે.

શ્રીકૃષ્ણ સત્ય છે, ધર્મ માટે ઉચ્ચારાયેલું અસત્ય છે. એ પોતાના જ વચન સાથે ટકરાય પણ ક્યારેય અસંગત ન હોય. કહે : 'સત્ય કરતાં હિતકારી વચન વિશેષ કલ્યાણકારી છે.'

સત્ય અને અસત્ય વચ્ચેનો વિવેક અકબંધ રહે એ કૃષ્ણ. એ અંતરમાં જ છે. એને સાદ પાડવાની ઇચ્છા થાય તોય એને

સાક્ષાત્ સાદ માની એ દોડ્યો આવે છે. કૃષ્ણના સાન્નિધ્યમાં કોઈ કર્મ-અકર્મ નથી.

દેહનો સ્વીકાર કરી, દેહની પાર જતા કૃષ્ણ. કૃષ્ણ સાથેનો સ્થૂળ સંબંધ જપ-તપ, પૂજાપાઠનો ભલે સ્થાપો આ બધાનો પણ મહિમા છે. પણ કૃષ્ણ તો આ પહેલાં ને પછીની પ્રત્યેક ક્ષણે આપણી સાથે જ રહે છે.

સૂરદાસ વિશે દંતકથા છે કે 'કોઈ સુંદરીમાં વાસના ન જાગે માટે આંખો ફોડો નાખી.' પણ એ પ્રજ્ઞાચક્ષુ ન પણ હોય. સંભવ છે કે, 'એ કૃષ્ણ વિના બીજું કંઈ જોતા જ નથી, જોવા ચાહતા જ નથી.'

'જિન આંખિનસૌ તવ રૂપ બસ્યૌ
તિન આંખિનસૌ અબ દેખિયે ક્યા ?'

ડૉ.રામમનોહર લોહિયાએ કહ્યું :

'મીરાં ખૂબ દૂર ગઈ. કોઈ વ્યક્તિ માટે અસંભવ લાગે એ હદે પહોંચી એની આત્મવિભોરતામાં ઉષ્ણતા હતી કૃષ્ણને એના વિના કોણ દઝાડી શકે ?

સાચું તપ કેવળ પોતાનું તેજ વધારવા નહિ, સૌનું તેજ વધારવા થાય છે અને કૃષ્ણ શું માગે છે ?' 'મને વરદાન આપો કે અ-શિવ, અહિતકારી વિચારો મારા મનમાં ન પ્રવેશે.'

અને સ્વયં શિવે શિવથી અધિક થવાનું વરદાન શ્રીકૃષ્ણને આપ્યું !

—સંકલન

।। શ્રીકૃષ્ણથી ઝળહળ કેટલીક કાવ્યપંક્તિઓ ।।

'સાહિત્ય કે કળાના ક્ષેત્રે કૃષ્ણના નામની બાદબાકી કરવામાં આવે તો ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિની ચેતના જ ખરી પડે.'

—માવજી સાવલા

રસખાન કહે છે :

મનુષ્યરૂપે હું વ્રજમાં ગોવાળિયો
પશુરૂપે નંદની ગાય, પક્ષીરૂપે કદંબની ડાળ

—કવિનો અંતર્ગત—ઘનીભૂત ભાવ શ્યામ પર જ ન્યોચ્છાવર થાય છે.

લાલજી કાનપરિયા કહે છે :

કહાન ! તમે મથુરા ન જાવ તો સારું
ને જાવ તો રાખીને વેણ એક મારું
મોરનો મુકટ ભલે સાથે લેતા જાવ
વાંસળીનો દાવો છે મારો !
ગોકુળિયા ગામની આંખ્યુમાં મંડાશે
સ્મરણોનું ધોધમાર ચોમાસું
જ્યારે યમુનાનાં નીર ને ડાળી કદંબની
રોઈ રોઈ ખેરવશે આંસુ

કવિશ્રી સુંદરમ્ કહે છે :

હમ જમનાકે જલ ઘટ ભરત
હમરો ઘટ ન ભરાઈ
ઐસો ઘટ ક્યોં તુમને દિયો
જાકો તુમ બિન કો ન સગાઈ ?

કવિશ્રી સુંદરમ્ કહે છે :

'મેરે પિયા મૈં કછુ નાહિં જાનૂં
મૈં તો ચૂપચાપ ચાહ રહી
મૈં તો પલપલ બ્યાહ રહી'

મીરાં જ કહી શકે :

'હાં રે મૈં તો ગોવિંદ લીધો મોલ
કોઈ કહે ચૂપકે, કોઈ કહે છૂપકે
મૈં તો લીધો બજાતે ઢોલ.'

નરસિંહ કહે છે :

દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.

ભરત ભટ્ટ લખે છે :

વાંસળી હતી જ્યારે શ્યામની ફૂંક હતી
હવે વાંસવનનો વાંસ થઈ છું પડી.

એક અજ્ઞાત મધ્યકાલીન કવિ કહે છે તેમ,
ગોપી રાધાને કહે છે :
'કૃષ્ણ ને મારી કુંડળી મળે છે પણ એ મને મળતા નથી.'
રાધા સમજાવે છે :
'બે કાગળના ટુકડા પરના આંકડા મળે તેથી શું ?
તું કૃષ્ણમાં સમાઈ જા. એનું તેજ તારા તેજમાં ઉમેરાશે.'

—સંકલન

।। પુરુષોત્તમ ।।

શ્રીકૃષ્ણ કોણ છે ? શાસ્ત્રસંમત અબાધિત સત્ય છે કે શ્રીકૃષ્ણ અવતાર છે.

શ્રીકૃષ્ણ કોનો અવતાર છે ?

શ્રીકૃષ્ણ પરમતત્ત્વનો અવતાર છે.

'પરમતત્ત્વ' શબ્દ ઘણો વ્યાપક છે. 'પરમતત્ત્વ' શબ્દ અનેકાર્થી પણ છે. પરમતત્ત્વનાં અનેક પાસાંઓ છે, અનેક સ્તરો છે.

હું ક્ષરપુરુષથી અતીત છું અને અક્ષર (કૂટસ્થ આત્મતત્ત્વ)થી પણ ઉત્તમ છું; તેથી આ લોકમાં અને વેદમાં પણ 'પુરુષોત્તમ' નામથી પ્રસિદ્ધ છું.

"જે જ્ઞાની પુરુષ મને આ રીતે તત્ત્વતઃ પુરુષોત્તમ સ્વરૂપ જાણે છે, તે સર્વજ્ઞ પુરુષ, સર્વ રીતે નિરંતર મને જ ભજે છે."

શ્રીકૃષ્ણને પુરુષોત્તમ સ્વરૂપે સમજવામાં જ આપણી સમસ્યાનું સમાધાન છે.

ગીતા-ભાગવત પુરુષોત્તમના દર્શનમાં તે તત્ત્વ શોધી આપે છે. ગીતાભાગવતના સિદ્ધાંત પ્રમાણે પુરુષોત્તમનો સાક્ષાત્કાર તે સંપૂર્ણ અને પરમ સાક્ષાત્કાર છે. પુરુષોત્તમ ક્ષર અને અક્ષર; બંનેથી મહાન છે. બંનેને આવરીને અવસ્થિત છે; બંનેનો પોતાનામાં સમાવેશ કરી લે છે. ક્ષર અને અક્ષર, સગુણ અને નિર્ગુણ, સાકાર અને નિરાકાર, વ્યક્તિચૈતન્ય અને સમષ્ટિચૈતન્ય, વૈયક્તિક પણ છતાં સર્વને પોતાનામાં સમાવિષ્ટ કરનાર, સર્વથી ઉત્તમ-સર્વોત્તમ ચૈતન્ય, તેને ગીતા-ભાગવત પુરુષોત્તમ કહે છે.

उत्तमः पुरुषस्तु अन्यः છે. આ સર્વથી અતીત તે પુરુષોત્તમ છે. અક્ષરપુરુષ સર્વથા અલિપ્ત છે. તે જગતમાં પ્રવિષ્ટ નથી, કારણ કે તેનું સ્વરૂપ જ અસંગ, દૃષ્ટા અને સાક્ષીનું સ્વરૂપ છે પરંતુ પુરુષોત્તમ તો लोकत्रयमाविश्यबिभर्ति अव्यय ईश्वरः છે. તે ત્રણે લોકમાં પ્રવેશીને તેને ધારણ કરે છે અને છતાં અવ્યય તો રહે જ છે. કારણ કે તે ઈશ્વર છે, તેમ કરવા સમર્થ છે.

ભગવાન શ્રીકૃષ્ણનું વક્તવ્ય અહીં જ પૂરું થતું નથી. તેઓ આગળ વધીને કહે છે-ક્ષર અને અક્ષર-બંનેથી પર જે પુરુષોત્તમ છે, તે હું છું અર્થાત્ ભગવાન શ્રીકૃષ્ણ પરમોચ્ચ ચેતના પુરુષોત્તમનો અવતાર છે. શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે. ક્ષર અને અક્ષર, સગુણ અને નિર્ગુણ – આ સર્વ યુગ્મ શ્રીકૃષ્ણની ભુજાઓ છે.

જે આ રીતે શ્રીકૃષ્ણને પુરુષોત્તમરૂપે જાણે છે, તે સર્વભાવે તેમને જ ભજે છે.

ભગવાન શ્રીકૃષ્ણ પરમતત્ત્વના કયા સ્તરમાંથી ઊતરી આવ્યા છે ? ભગવાન શ્રીકૃષ્ણ પરમતત્ત્વના કયા પાસાનો અવતાર છે ? ભગવાન શ્રીકૃષ્ણ પરમતત્ત્વનો અવતાર છે, તેમ કહેવું ખોટું નથી, પરંતુ પરમતત્ત્વનું સ્વરૂપ અને અર્થ ઘણા વ્યાપક છે, તેથી ભગવાન શ્રીકૃષ્ણ પરમતત્ત્વનો અવતાર છે, તે વિધાન ઘણું વ્યાપક છે. આમ હોવાથી ભગવાન શ્રીકૃષ્ણ કોણ છે, કોનો અવતાર છે, તે પ્રશ્નોનો વધુ નિશ્ચયાત્મક ઉત્તર શોધવો જોઈએ.

આ સમસ્યાનું સર્વોત્તમ નિરાકરણ ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ગીતામાં આપે છે. 'પુરુષોત્તમયોગ' નામના પંદરમાં અધ્યાયના અંતિમ ભાગમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનની સમક્ષ

પોતાના સ્વરૂપનું રહસ્યોદ્‌ઘાટન કરતાં કહે છે—

"આ સંસારમાં ક્ષર (નાશવાન) અને અક્ષર (અવિનાશી) —એમ બે પ્રકારના પુરુષો છે. તેમાંથી સર્વ ભૂતપ્રાણીઓનાં શરીરો તો ક્ષર અને આત્મા અવિનાશી કહેવાય છે."

"પરંતુ આ બંનેથી ઉત્તમ પુરુષ તો અન્ય જ છે, જે ત્રણે લોકોમાં પ્રવેશીને સર્વનું ધારણ-પોષણ કરે છે, તે અવિનાશી પરમેશ્વર અને પરમાત્મા કહેવાય છે."

હાથીના પગલામાં સર્વ પગલાં સમાઈ જાય છે, તેમ પુરુષોત્તમમાં અન્ય સર્વ ચેતના-સ્વરૂપો સમાઈ જાય છે.

—શ્રી ભાણદેવજી

———❀———

"શ્રીકૃષ્ણથી કેટલું બધું છૂટ્યું !
પહેલાં મા છૂટી, પછી પિતા છૂટ્યા !
પછી નંદ-યશોદા મળ્યાં, એ પણ છૂટ્યાં !
સંગી-સાથી, ગોપ-ગોપીઓ છૂટ્યાં !
રાધા પણ છૂટી
ગોકુલ છૂટ્યું
મથુરા છૂટ્યું
જીવનભર કંઈ ને કંઈ છૂટતું જ રહ્યું !
ન છૂટ્યાં—
દેવત્વ, પ્રસન્નતા અને સકારાત્મકતા !"
[સર્વસ્વ છૂટ્યા પછી પણ કેવા ખુશ રહી શકાય છે
એ શ્રીકૃષ્ણથી વધારે સારું કોઈ નહિ શીખવી નહિ.]

।। કરિષ્યે વચનં તવ ।।

શ્રીકૃષ્ણે પરમ યોગારૂઢ અવસ્થામાં અર્જુનને ગીતાનો ઉપદેશ કર્યો. અર્જુને પરમ ઋજુતાથી તેમજ શ્રદ્ધાથી એ અમૃતનું આચમન કર્યું. છેવટે શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે :

'યથેચ્છસિ તથા કુરુ' બધું સમજાવ્યા પછી

'તું ઇચ્છે તેમ કર' એમ કહે છે

અલબત્ત, બીજી પળે કહી દે છે :

'સર્વધર્માન્યપરિત્યજય મામેકં શરણં વ્રજ'

'સઘળા ધર્મો છોડીને તું મારું જ શરણું ધર'

—આ શબ્દોમાં 'સીધી આજ્ઞા' છે. અને એનું કારણ અર્જુન પરની અપાર પ્રીતિ છે. સંપૂર્ણ શરણાગતિ શ્રીકૃષ્ણચરણે જ હોઈ શકે એટલે આ અધિકાર—આદેશનો કેવળ શ્રીકૃષ્ણનો જ હોઈ શકે.

વળી, અર્જુનના અસલ સ્વભાવની શ્રીકૃષ્ણને ખબર છે. મોહને કારણે એ અસલ-સ્વભાવ ખોરવાયો હતો તે સ્વભાવ અર્જુનને પાછો પ્રાપ્ત થાય એ માટે તો તેમણે તેને ગીતાનો ઉપદેશ કર્યો.

ગીતાની લાંબી સહવિચારયાત્રાને અંતે શ્રીકૃષ્ણ અને અર્જુન લગભગ એકરૂપ-એકાકાર બની ગયા હતા.

શ્રીકૃષ્ણ તો યોગારૂઢ હતા જ પરંતુ અર્જુન પણ એમની કરુણા પ્રાપ્ત થવાથી યોગયુક્ત બન્યો. હવે એના મનમાં કોઈ શંકા કે અવઢવ રહ્યાં નહિ. હવે કોઈ ચર્ચાને, પ્રશ્નને અવકાશ

જ નહોતો તેથી અર્જુન કેવળ એક શ્લોકમાં પોતાનો નિર્ણય કહી દે છે. એનો સંદેહ ટળી જતાં, ખોવાયેલી સ્મૃતિ એટલે કે પોતાનો 'અસલ સ્વભાવ' તેને પાછો પ્રાપ્ત થયો છે. અસલ સ્વભાવ એ જ સ્વધર્મ, સહજ કર્મ. મોહ નાશ પામે તો જ અસલ સ્વભાવ પ્રાપ્ત થાય. તેથી અર્જુન કહે છે :

નષ્ટો મોહ : સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત।
સ્થિતો'સ્મિ ગતસન્દેહઃ કરિષ્યે વચનં તવ॥

'કરિષ્યે વચનં તવ' અર્જુન શ્રીકૃષ્ણને કહી દે છે. કેમકે સમગ્ર અસ્તિત્વને શ્રદ્ધાપૂર્વક સમર્પી દેવાનું એકમાત્ર સ્થાન શ્રીકૃષ્ણ છે. અનાદિ, અનંત એવું સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વ એ કૃષ્ણ છે. એ જ પરમધામ અને એ જ પરમ ગતિ અને એ જ આપણે સ્વયં !

આમ, જ્યારે શ્રીકૃષ્ણ 'યથેચ્છસિ તથા કુરુ' કહે છે ત્યારે અર્જુનને 'કરિષ્યે વચનં તવ' સિવાય કશું કહેવાનું રહેતું નથી.

જીવનના કુરુક્ષેત્રમાં પ્રત્યેક પળે આપણા 'અંતરાત્માનો અવાજ' સંભળાય, એનો અનાદર ન કરીએ તો એને 'શ્રીકૃષ્ણના અવાજ' તરીકે ઓળખી શકાય. પછી તો આપણું સમગ્ર અસ્તિત્વ એને ચરણે ધરીને શૂન્ય જ બનીને કહી શકાય.

'તમારા અનુગ્રહે મોહ ટળ્યો, તમારા અનુગ્રહે
સ્થિર, નિઃશંક થયો છું, તમારા વચન પ્રમાણે કરીશ.'

'ગીતા'ના મર્મવાક્ય
(સંકલન)

*

॥ 'રાજાધિરાજ' : એક જાગૃત સર્જકનું સ્વપ્ન ॥

'કળા'માં કળાને નામે કંઈ 'છીછરું' તો નથી પીરસાતું ને ? એ અંગે દર્શકોને જાગૃત રહેવા સતત અનુરોધ કરનારાં પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી અને સામે 'મનોરંજનની માછલી અત્યારે કળાને ગળી જતી લાગે છે. ત્યારે સર્જકે સભાન બનીને મૂલ્યહ્રાસ કરનારી કળા સામે વિદ્રોહ કરવો જોઈએ.' એવી જાગૃતિ ધરાવતા 'રાજાધિરાજ' નૃત્યનાટિકાના લેખક શ્રીપ્રસૂન જોશીની ગરિમાપૂર્ણ વ્યક્તિતાનો સુભગ સમન્વય અનાયાસે એક કલાકૃતિના ઉચ્ચસ્તરીય સ્વરૂપે સધાય છે. પરિણામે ભારતીય સંસ્કૃતિનું એક અતિ ઉજ્જવળ સ્વરૂપ આપણને 'રાજાધિરાજ'માં પ્રતિબિંબિત થયેલું જોવા મળે છે.

'રાજાધિરાજ' નૃત્યનાટિકામાં શ્રીકૃષ્ણની લીલા રંગ, રૂપ, સૌંદર્યનું એક સૂક્ષ્મસ્તરીય સ્વરૂપ ધારણ કરે છે.

લેખકશ્રી સ્પષ્ટ કહે છે : 'પ્રેમ જો આપણા જીવનમાં-સ્વયંમાં નથી તો બહારથી નહિ પ્રગટે. દર્પણ અંતરનું ચળકતું હશે તો મનમાં જેવી ભાવના હશે એ સ્વરૂપ લઈને શ્રીકૃષ્ણ પ્રગટશે.'

'મારા મનમાં ઘણા વખતથી એવો વિચાર ઊઠતો હતો કે એવું શું લખું કે લોકો સુધી પહોંચે ? બહુ બધા લોકોને એવું લાગે કે આ તો અમારું છે !' એટલે 'રાજાધિરાજ'ની રચના પાછળ આ એક પ્રબળ હેતુ હતો. મારી કૃતિ લોકો સુધી પહોંચે એ જોવા ઉત્સુક હતો.

કલા પર યંત્રવાદના આક્રમણ વિશે લેખકશ્રીએ સરસ કહ્યું;

'મા' જેમ બાળકને ચાખીને ખવડાવે છે તેમ વિષયવસ્તુ (content) પારખીને જ તેને પડદા સામે (Screen) સામે મૂકવું જોઈએ. જવાબદારી માતાપિતાની છે. આજે તો બે મહિનાનું બાળક આઈ પેડની રૂબરૂ કરી દેવામાં આવે છે !

આપણે બાળકને નવી સાઈકલ અપાવીએ છીએ તો એના પર બેસાડીને રસ્તા પર એને ધક્કો મારીને છોડી નથી દેતા, પાછળથી પકડી રાખીએ છીએ. એવી રીતે સંભાળપૂર્વક બાળકની પરવરિશ કરવી જોઈએ.

દાદા-દાદી, નાના-નાનીની વાર્તાઓથી બાળકોને વંચિત ન રાખવાં જોઈએ. માટી હજી ભીની હોય તો ધારેલો આકાર આપી શકાય છે.

રાષ્ટ્રીય પ્રીતિની સંદર્ભમાં કહું તો—

'દેશ સે પ્યાર તો હર પલ રહના ચાહિયે
મૈં રહૂઁ યા ન રહૂઁ, ભારત યે રહના ચાહિયે.'

રાષ્ટ્રીયતાની ભાવના, એની ઓળખ સમજી લેવી જરૂરી.

નદી વહી રહી છે. એક વ્યક્તિ એમાં તરવા સંઘર્ષ કરી રહી છે, બીજી વ્યક્તિ ધ્યાન કે કવિતા-રચનામાં શાંત છે.

કોઈને નદી શાંત લાગે છે, કોઈને આક્રમક ! પરદા પર જે બતાવાય છે તે જોવાય છે.—એ માટે એક Vantage point છે. પણ નિર્ણય તો પોતાનો હોવો જોઈએ.

શબ્દોનો જાદુ ભાવનાના ઊંડાણોને-સૂક્ષ્મતાને પણ સ્પર્શે છે. પ્રકૃતિ પાસે પણ નતમસ્તકે જવાની જરૂર છે. પ્રકૃતિને પછાડી

વિજ્ઞાન બાહ્ય લોકને પ્રકાશિત કરી શકશે પણ અંતર્ગત અંધકાર મિટાવી નહિ શકે.

એટલે મનુષ્યના દરેક સર્જનમાં બાહ્ય તાલમેલ, સ્વયંનું અવલોકન-સંતુલનનો પ્રશ્ન મુખ્ય છે.

માનવજીવનમાં સંબંધોનું પણ એક ગૌરવ છે. આપણે ઋણી છીએ પ્રત્યેક સંબંધના, દરેકનું એક આગવું મૂલ્ય છે.

સ્ત્રીપુરુષમાં ભેદ નથી. આજે એક 'માનસિક શક્તિ' તરીકે સ્ત્રીને જોવાની છે.

ચોક્કસ ટૅકનોલોજી દૂરતા દૂર કરે છે; એ એનું અતિ મહત્ત્વનું યોગદાન છે.

લેખક કોઈપણ વિષય પર લખે, 'વિષયના આત્મા' સુધી એનું પહોંચવું જરૂરી છે, એને યોગ્ય ન્યાય અપાવો જોઈએ.

શ્રીકૃષ્ણની લીલાઓનો વિષય મારે માટે ભારે પડકારરૂપ હતો, એની અનંત, વિરાટ લીલાઓ થયા જ કરે છે; મારા દ્વારા એ પ્રસ્તુત થઈ રહી છે એ મારું સૌભાગ્ય છે. એની દાર્શનિકતા મારે લોકો સામે લાવવી છે.

મારું લખાણ સંસ્કૃતિનો એક હિસ્સો છે. સ્વયંને ઈશ્વરને સોંપી દઉં છું, એનો કૃતજ્ઞ બનું છું. અને એક પૂર્વગ્રહમુક્ત દશામાં વિદ્યાર્થી બની, શીખવા પ્રવાસ કરું છું. શ્રીકૃષ્ણનાં તો નામો જ કેટલાં સુંદર છે ! હું એને વિશે સતત બોલતો જ રહું, લખતો જ રહું એવા ભાવથી જોડાયેલો છું. એણે મને અસીમ પ્રેરણા અર્પી છે.

—સંકલન

*

॥ 'રાજાધિરાજ'ના સંદર્ભમાં શ્રીપ્રસૂન જોશીના વિચારો ॥

૧. શરૂઆત પ્રેમ અને શુદ્ધતાથી કરો, વેપાર માટે નહિ.

'Don't do it for commerce, do it for the love of it.'

૨. બૌદ્ધિક તેમજ ભાવનાત્મક તલ્લીનતા સાધવા તેમણે વિદ્વાનો સાથે ચર્ચાઓ કરી, તેની ગહનતા-ઊંડાણ સુધી સમજવાનો પ્રયાસ કર્યો.

૩. શ્રીકૃષ્ણ આપણામાં-સમગ્રમાં ભીતર રહેલા છે, બહાર નહિ. જો વ્યક્તિ જે સ્વરૂપમાં શોધે છે તે રૂપે તે પ્રગટે છે. એવી આત્મિક સમજ પ્રાપ્ત થઈ.

૪. વિઝ્યૂઅલ, ભાવનાત્મક અને સાંસ્કૃતિક સંવેદનશીલતાની જાળવણી કરી છે.

પોતાના પ્રોજેક્ટની પટકથા તેમજ ગીતોની પ્રક્રિયામાં ઈશ્વરીય મૂલ્ય, હેતુ અને ગર્ભિતતા (રહસ્યમયતા) ગુમ ન થાય પરંતુ તેને આધુનિકતા સાથે યોગ્ય રીતે સંતુલિત થાય તે પણ જોયું.

૫. તન-મનનો વિવેક—આ પ્રોજેક્ટ 'ઈશ્વરીય સંદેશ' જેવો લાગ્યો. 'શ્રીકૃષ્ણ મારો હાથ પકડીને મને જીવનમાં તેમની દિશા બતાવતા લાગ્યા.'

શ્રી પ્રસૂનને 'આ યાત્રા દાર્શનિક અને પરિવર્તનકારી અનુભૂતિરૂપ પ્રતીત થઈ.'

૬. જ્યાં સંવાદ ભારે લાગે ત્યાં ગીત ઉમેરવાનો સક્રિય નિર્ણય લીધો.

દર્શકો સંવેદનાત્મક રીતે આ કૃતિ સાથે સંકળાયા તે અતિ મહત્ત્વની વાત !

૭. કૃષ્ણ તમારી ભીતર છે, બહાર નહિ.

૮. જેની તમે શોધ કરશો તે સ્વરૂપમાં કૃષ્ણ સમયોજિત થાય છે. અર્થાત્ વ્યક્તિની આંતરિક આશાઓ અને ભાવનાનુસાર કૃષ્ણ પ્રગટે છે, માર્ગદર્શક કે રાજાધિરાજ સ્વરૂપમાં.

૯. દાર્શનિક અનુભૂતિની વાત કરીએ તો પોતાની આંગળી પકડીને જીવનનું તે માર્ગદર્શન કરે છે.

દાયિત્વ તેમજ માર્ગદર્શન બંને ભગવાન દ્વારા પ્રાપ્ત થાય છે.

૧૦. સંવાદ અને ગીત વચ્ચે સ્નેહ અને સંવાદિતા જળવાતાં તે દર્શકને વાર્તા સાથે ભાવનાત્મક જોડવામાં મદદરૂપ થાય છે.

૧૧. ફરજથી કાર્ય સારું થાય 'કલા' પ્રેમથી સુંદર ! આ સંદેશ પ્રામાણિકપણે કેન્દ્રવર્તી રહ્યો છે.

૧૨. યુવા પેઢીને ધ્યાનમાં રાખીને પ્રચલિત તથા અપ્રચલિત બંને પ્રકારનાં કથાનકો રજૂ કરી, જૂના-નવાની સર્જનાત્મકતાનું મિલન યોજયું છે. સંગીત-નૃત્ય સાથે ભાવનાત્મક-આત્મિક જોડાણ જાળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

—સંકલન

(ગૂગલનું સૌજન્ય)

।। 'રાજાધિરાજ' : પ્રેમ જીવન લીલા ।।

"કાન્હા કહું કૃષ્ણ કહું કે માધવ ને મહારાજ,
આપ છો જગતના તારણહાર શ્રી રાજાધિરાજ"

'પ્રશંસા' અઢળક શબ્દો છે શબ્દકોષમાં આ માત્ર એક શબ્દને ન્યાય આપવા માટે અને તેમ છતાં જ્યારે કોઈ વ્યક્તિ કે વસ્તુને ધ્યાનમાં રાખી પ્રશંસા ને ન્યાય આપતા શબ્દોનો વિચાર કરવો પડે ત્યારે મનોમન એવું લાગે કે કોઈ દૈવી અલૌકિક પ્રવૃત્તિનું સર્જન થઈ રહ્યું છે.

ભારતીય સંસ્કૃતિને ટકાવનાર, સનાતન ધર્મને ઉજાગર કરનાર, ભગવાનની લીલાઓનું દર્શન કરાવનાર, આંખ સામે તેજસ્વિતાનું આવરણ રચનાર, સ્નેહ અને પ્રેમનું ચોતરફ વાતાવરણ ઘડનાર અને અનેકના હૃદયે રાજ કરનાર, ઉચ્ચ કોટિનો કલા મહાકુંભ, જેમાં ક્યાંય છીછરાપણાનો અણસાર સુદ્ધાં જોવા ન મળે તેવી રચનાકૃતિ નાટક એટલે 'રાજાધિરાજ'.

શ્રી ધનરાજ નથવાણી દ્વારા પ્રસ્તુત, શ્રી શ્રુતિ શર્મા દ્વારા દિગ્દર્શિત, પદ્મશ્રી પ્રસૂન જોશી દ્વારા લિખિત અને સચિન-જીગરના સંગીતથી મઢાયેલું, જેમાં ૬૦ થી વધુ નૃત્યકારો દરેક બીટ્સ પર દર્શકોને ડોલાવી નાખે છે, તેનું દરેક દૃશ્ય દર્શકોને હચમચાવી નાખે છે, જેના સુમધુર સંગીતથી દર્શકો ઝૂમી ઉઠે છે, જેની એક એક ક્ષણ અવિસ્મરણીય, અદ્વિતીય, અદ્‌ભુત અને અલૌકિક છે, આંખનો પલકારો પણ ન થઈ શકે એવું લાઈટિંગ અને દર્શકો સાથેનું જોડાણ જેને પ્રાપ્ત થયું છે તે વિશ્વની સૌથી મોટી નૃત્યનાટિકા એટલે ભગવાન શ્રી કૃષ્ણની પ્રેમ જીવન લીલાનું દર્શન કરાવનાર કલાકૃતિ એટલે જ 'રાજાધિરાજ'.

આમ તો ઘણા નાટકો, નૃત્ય નાટિકાઓ અને પ્રોગ્રામ જોયા અને કર્યા પછી જ્યારે મુંબઈ ખાતે નીતા મુકેશ અંબાણી કલ્ચરલ

સેન્ટરનાં એ ભવ્ય નાટ્યગૃહમાં જવાનો અવસર પૂજ્ય 'મા'ની કૃપાથી પ્રાપ્ત થયો ત્યારે એક કલાકાર તરીકે ઘણી બધી ધારણાઓ મનમાં આપોઆપ જન્મ લઈ ચૂકી હતી. અણસાર આવી ગયો હતો કે કેવું હશે અથવા કેવું હોવું જોઈએ...પણ...પણ જ્યારે આ નૃત્યનાટિકા સ્ટેજ પર પ્રસ્તુત થઈ એક પછી એક ચિત્ર બદલાતાં ગયા, દૃશ્યો આંખ સામે જીવંત થવા લાગ્યા, ત્યારે મારી તમામ પ્રકારની ધારણાઓ ખોટી સાબિત થઈ. મને આવેલો અણસાર જાણે અવસરમાં પરિણમ્યો અને મારી વિચારશક્તિથી કંઈક તદન અલગ જ પરિણામ મળ્યું અને તે પરિણામે મને એક કલાકાર તરીકે, એક ભક્ત તરીકે, એક વિચારક તરીકે જાણે હચમચાવી નાખ્યો. અને આ અવસર જીવનનો એક લહાવો બની ગયો. કહેવા માટે કોઈ શબ્દ નહિ, બોલવા માટે કોઈ વાક્ય નહિ, કરવા માટે કોઈ ઉદ્‌ગાર નહિ. બસ માત્ર એક અલૌકિક દૈવી અનુભૂતિનું આભામંડળ. એટલે જ 'રાજાધિરાજ'.

લગભગ ૧૮૦ જેટલા કલાકારો દ્વારા ભજવાતી આ કલાકૃતિ જ્યારે સ્ટેજ પર શરૂ થવા જઈ રહી હતી તો પ્રથમ તો અદ્‌ભુત ૨૦૦૦ લોકો સાથે બેસીને જોઈ શકે તેવી ક્ષમતા ધરાવતું નાટ્યગૃહ જેનું છત મોરપીંછના રંગોની લાઈટોથી ઝગમગતું હતું, તેનો બંધ પડદો જાણે ભાતીગળ કલાકૃતિનો એક આલંકારિક નમૂનો હતો. અને ત્યારબાદ શરૂ થઈ એક લોકસંગીત, હવેલીસંગીત, શાસ્ત્રીય સંગીતના સથવારે ચાલતી ભગવાન શ્રીકૃષ્ણના પ્રેમ-જીવનની લીલા. એક પછી એક દ્રશ્યો જાણે મનમાં એક અલગ પ્રકારની ઊર્જાનો સંચાર કરતા રહ્યા. પછી તે નંદબાબાની હવેલી હોય, મથુરાનું કારાવાસ હોય, યમુનામાં આવેલું પૂર હોય, ટચલી આંગળીએ ઉપાડાતો ગોવર્ધન પર્વત હોય, રંગે રમાતી રાસલીલા અને ઊડતો ગુલાલ હોય, સમુદ્રમાંથી પ્રગટ થતી દ્વારિકા નગરી હોય કે પછી બાલકૃષ્ણથી લઈ, રાધાનો કૃષ્ણ, બલરામના ભાઈ, સુદામાના મિત્ર અને

રૂક્ષ્મણીને પળવારમાં લઈ જતા શ્રી કૃષ્ણ હોય દરેક સ્વરૂપ જાણે સમજી લો કે હતું 'રાજાધિરાજ'.

અનેક પ્રકારના ભાવો પણ દર્શકો જાણે અનુભવતા હોય તેમ એ કૃષ્ણજન્મોત્સવનો આનંદ તો કંસના પ્રકોપનો ભય, રાધાના હૃદયમાં પ્રેમ તો રૂક્ષ્મણીની આંખોમાં નીતરતો સ્નેહ, દ્વારિકામાં ખુશીની લહેર તો એકલા છોડીને જતા શ્યામના વિરહમાં હીબકા ભરતું આખું ગોકુળિયું ગામ..આ બધું જ હૃદયના ઊંડાણને ઝંકૃત કરી નાખતું હતું. શું લખું કેટલું લખું..પણ વંદન છે આ દરેક કલાકારોને તેમની કલાને...

અંતે જયા કિશોરીજીની આ જ નાટકના અંતમાં થયેલી વાત મને યાદ આવે કે અર્જુન અને દુર્યોધન જ્યારે કૃષ્ણ પાસે ગયા ત્યારે એકના હૃદયમાં રહેલી ભક્તિ અને બીજાના માથામાં રહેલી બુદ્ધિની પરીક્ષાના ભાગરૂપે એક તરફ સો અક્ષૌહિણી સેના અને એક તરફ નિશસ્ત્ર કૃષ્ણની પસંદગીનો વિકલ્પ આપવામાં આવ્યો ત્યારે દુર્યોધનની બુદ્ધિ સો અક્ષૌહિણી સેના તરફ ગઈ જ્યારે અર્જુનની ભક્તિ ભગવાન તરફ તે સમયે ફરી ભક્તની પરીક્ષા કરતા ભગવાન કૃષ્ણ અર્જુનને કહે છે :

''हार जाओगे तुम, हो जाओगे उदास,
माखन तो वो ले गया अब तुम्हारे पास बची सिर्फ छाश''

ત્યારે આ ભક્ત અર્જુન પોતાની કસોટી પર ખરા ઉતરતાં કહે છે કે :

''जीत मेरी निश्चित हे, दास नहि हो सकता उदास,
माखन लेके में क्या करूं जब मखनचोर हे मेरे पास''

આમ આપણી પાસે પણ ગુરુભગવંત પૂજ્ય શ્રીપ્રભુ અને જગદંબા સ્વરૂપ 'મા' સતત સાથે છે જ તેમનાં ચરણોમાં પ્રણામ, પૂજ્ય 'મા'ને ખાસ થેંક્યું અને વંદન સહ જય કૃપાળુ મા...

—શ્રીરૂચિત પંડ્યા

।। આપણા રાજાધિરાજ પૂ.શ્રી'મા' ।।

'જેમને ગુરુ નથી મળ્યા તેમના માટે જીવન 'સંઘર્ષ' છે. જેમને ગુરુ મળી ગયા તેમનું જીવન 'ખેલ' છે. જે ગુરુ દ્વારા દર્શાવેલા માર્ગ પર ચાલે તેમનું જીવન 'ઉત્સવ' છે.' તો પછી જેમની સંપૂર્ણ ચેતના સદ્‌ગુરુમય હોય એમના જીવનમાં આવિર્ભાવ પામતા ઉત્સવોની વાત શું કરવી ?

પરમ પૂજ્ય શ્રી'મા'નું જીવન જે રીતે પ્રસન્નતા, કૃતકૃત્યતા, નિતાન્ત વિનમ્રતા, સહજ કર્મની નિરંતર સુગંધ પ્રસારતું વહી રહ્યું છે, (ડૂબવાનો ભય નહિ, તરવાની આકાંક્ષા નહિ) રસ્તામાં જે કોઈ શુભ તત્ત્વ સન્મુખ આવે, કશાકનું-કોઈકનું પણ શ્રેષ્ઠ આંતરદ્રવ્ય સ્ફુટ થતું દેખાય કે તેઓશ્રી વંદન કરવા અટક્યાં જ છે, એટલું જ નહિ ભક્ત સ્વજનોને પણ એ દિશામાં નત્ મસ્તકે જવા અચૂક પ્રેરી રહ્યાં છે; આનું ઉત્તમોત્તમ ઉદાહરણ મુંબઈમાં ભજવાતી નૃત્યનાટિકા 'રાજાધિરાજ' છે. એણે પૂ.શ્રી'મા'ના મન-અંતરમાં એવી ગૌરવપૂર્ણ ગરિમામય છબી ઊભી કરી દીધી કે આ સંપૂર્ણ વિરક્ત 'મા'એ અતિ અનુરક્તિથી એને બે વાર સ્વયં નિહાર્યા પછી ભક્ત-સ્વજનોને રીતસરનાં તેડાં કર્યા. ભકતો પણ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મોરબી, ભાવનગર, મુંબઈના જુદા જુદા વિસ્તારોમાંથી નૃત્યનાટિકાનો કલાનંદ પામવા કલારસિકોરૂપે આવી જ પહોંચ્યા. અતિ વ્યસ્ત જીવનમાંથી અણધાર્યા મુંબઈ આવેલા એ સ્વજનો માટે પૂ.શ્રી'મા'એ એવી સુંદર વ્યવસ્થા કરાવી કે, તેમને સ્ટેશનેથી ગાડી પૂ.શ્રી'મા' પાસે લઈ આવે, પ્રસાદ પ્રાપ્ત કરે અને પછી એ જ ગાડી તેમને થિયેટર પર લઈ જાય, નૃત્યનાટિકાથી ભાવવિભોર થઈ ગયેલા તેમને વચ્ચેવચ્ચે પૂ.શ્રી'મા' ફોનથી પૂછે કેવો અનુભવ થઈ રહ્યો છે ?

સ્ટેજ પર પેલું દશ્ય કેવું લાગે છે ? ધ્યાનથી જોજો. વગેરે. અને શો પૂરો થતાં ફરી ગાડી એમને લઈ, સ્ટેશને પાછા પહોંચાડે.

ભવ્યાતિભવ્ય નૃત્યનાટિકા માટે ખાસ મુંબઈ પધારેલા ભક્તોના એક રાજાની જેમ સત્કાર થાય એટલે 'રાજાધિરાજ' અભિધાન જ પૂ.શ્રી'મા'ના વર્તન-વ્યવહારમાં સીધું આ રીતે રૂપાંતરિત થઈ, પ્રેક્ષક તરીકે પધારેલા ભક્તોને એટલું ઊંડું સ્પર્શી જાય કે, તેઓ આજીવન આ પ્રેમ. આ પ્રેમભરી દરકાર સંભાળ-ભૂલી જ ન શકે. પૂ.શ્રી'મા'એ તો તેમને જ રાજાપાઠમાં મૂકી દીધા ! આનું ગૌરવ કોને ન થાય ? પૂ.શ્રી'મા' મુંબઈના વરસાદની જેમ જ ધોધમાર વરસ્યા પણ જલધારે નહિ અમૃતધારે ! જે લાભ જ લાભ કરે. ધન્યાતિ ધન્ય બનાવે !

જગતમાં પ્રેમપ્રસાર એ એક જ જીવનલક્ષ્ય બનાવી દેનાર પ્રેમમયી 'મા'નું આ તો એક આછું નિદર્શન છે. બાકી તેઓશ્રીની નસેનસમાં વિશ્વકલ્યાણનો મંત્ર સતત ગુંજ્યા જ કરે છે. મનુષ્યમાત્રનું શુભ કેવી રીતે થાય એ એક જ ધૂન તેઓશ્રીના ચિત્તમાં સતત રહેતી હોય છે. તેથી કોઈ પણ ઘટના હોય, પ્રસંગ હોય, માધ્યમ હોય, પૂ.શ્રી'મા' એને અવસર બનાવી લે છે. અને એને વધાવવાનો-ઉજવવાનો એક મોકો છૂટે નહિ તે માટે ભક્તોને તૈયાર કરે છે, સાવધ કરે છે, જાગૃત કરે છે.

પરિણામે 'રાજાધિરાજ'ના ઘણાબધા પ્રયોગો થશે, ઘણાબધા પ્રેક્ષકો એની આનંદલહાણ માણશે પરંતુ પૂ.શ્રી'મા'એ જે રીતે આને વધાવી છે. ને પોતાની બહુ લાક્ષણિક રીતે

'ગમતું મળીએ તો અલ્યા ગૂંજે ના ભરીએ
ગમતાનો કરીએ ગુલાલ'

—એ કવિશ્રી મકરન્દ દવેની કાવ્યપંક્તિ સાર્થક કરી છે.

પૂ.શ્રી'મા'ની ચેતનાના દ્રાવણમાં કલા, સાહિત્ય, સંગીત,

આધુનિક ટૅકનોલોજી-બધું એકરસ થઈ એક કલાકૃતિની મહત્તા એટલી બધી વધારી દે છે કે, એમની આજુબાજુનાં સર્વ પ્રતીતિ કરવા લાગે એના મહિમાનો અને સાથે સાથે પૂ.શ્રી'મા'ની આ પ્રકારની, આટલી ઊંચી, સૂક્ષ્મ, ગહન ભાવનામયતા આ કદરદાની અનુભવી, વિસ્મિત થઈ જાય. સહેજે કોટિ કોટિ નમન કરી રહે !

'રાજાધિરાજ' કોઈ કલાકૃતિનું નામ જ ન રહેતાં આટઆટલો મબલખ પ્રેમ, આટલી બધી સરળતાથી, વિનમ્રતાથી, ઊંડી સમજણથી, નજરોથી દૃશ્યમાન કલાદ્યુતિને પોતાની સમગ્ર ચેતનામાં અતિ કૌશલથી ઉતારી લઈ, એના ઉજાસથી પોતે ઝળહળ બની, આજુબાજુનાં સર્વમાં એ સંક્રાન્ત કરી; કલાનું આટલું બધું ગૌરવગાન કરનાર પૂ.શ્રી'મા' પરદા પાછળ, અવ્યક્તરૂપે રહે છે. પણ ભક્તહૃદયના સિંહાસને સદા બિરાજનાર ભક્તના અંતરમાં આનંદ-આહ્લાદનું એક અભૂતપૂર્વ વાયુમંડળ તૈયાર કરી આપનાર પૂ.શ્રી'મા' સ્વયં રાજાઓના રાજા, — 'રાજાધિરાજ' તરીકે સ્થિર પ્રતિષ્ઠ સહેજે થઈ જાય છે.

આ રાજાધિરાજ કોઈને ઝાંખા પાડીને, મ્લાન કરીને પોતાનું આધિપત્ય સિદ્ધ કરનાર રાજવી નથી, આત્મતેજે ઝળહળ હૃદયસમ્રાટ છે. 'રાજાધિરાજ' શ્રીકૃષ્ણ જેના કેન્દ્રમાં છે—એવા સહજ પ્રેમનું આકર્ષક સ્વરૂપ છે; જે શ્રીકૃષ્ણની જેમ જ આપણને એમની નિકટ ખેંચી રાખે છે.

શ્રી જ્ઞાનેશ્વર કહે છે તેમ; ભેદભાવનાં કમાડ ખોલી નાખે છે, અભિન્નતા સાધે છે.

આમ,'રાજાધિરાજ'ના લેખક-દિગદર્શક, નૃત્ય-સંગીત એને સ્ટેજ પર દૃશ્યમાન બનાવનાર કલાકારો સાથે સર્વ પ્રેક્ષકોનું સાયુજ્ય સધાય છે.

સર્જક અને ભાવક વચ્ચે અદ્વૈત પ્રગટે ત્યારે જ કલા સાર્થક થાય. કોઈકે સાચું જ કહ્યું છે : 'કલા સંભવે છે સર્જકચિત્તમાં પણ જીવે છે ભાવકના ચિત્તમાં !'

આપણાં પૂ.શ્રી'મા'એ ઉત્તમોત્તમ ભાવક બનીને એક અનુપમ, અદ્‌ભુત સર્જન એવી નૃત્યનાટિકા રાજાધિરાજનું રસપાન આકંઠ-આહૃદય કર્યું છે અને કેટલાય કલાપ્રેમીઓને તેની લહાણ કરી છે.

'ભોક્તા વિણ કલા નહિ'નું સૂત્ર અહીં સત્ય સિદ્ધ કર્યું છે.

તા.ક. [પૂ.શ્રી'મા' એક અદ્વિતીય કલાકૃતિના અદ્‌ભુત દિવ્ય રસના અધીશ્વર બની, આખી કૃતિના અણુરેણુમાં છવાયેલા, તત્ત્વસ્વરૂપ શ્રીકૃષ્ણની ચેતનાને તંતોતંત આત્મસાત્ કરી, શ્રીકૃષ્ણસદૃશ રાજાધિરાજ બની રહ્યા ! આપણા સર્વના 'હૃદયાધિરાજ' આટલો અઢળક પ્રેમ ઠાલવ્યા પછી..સંતાઈ ગયા ને 'માધવ ક્યાંય નથી મધુવનમાં' અહેસાસ મૂકી ગયા. પૂ.શ્રી'મા' પણ શ્રીકૃષ્ણની જેમ 'લીલા' કરતાં કરતાં સ્વર્ગારોહણથી નીસરી, મુંબઈમાં અટકી, ન્યૂજર્સી 'લીલયા' જ ક્યારે પહોંચી ગયાં કોઈને ખબર સુદ્ધાં ન પડી !

પૂ.શ્રી'મા'ની આ Surprise આપવાની રીતિ પુરાણી છે. પ્રચલિત છે પણ આપણા માટે તે shock બની આવે છે, અને અમ પ્રેમીજનોથી વિરહીત 'પ્રેમેશ્વર'ને નામ એક ફરિયાદ તો થઈ જ જાય છે; કવિશ્રી મુકેશ જોશીના શબ્દોમાં :

'મિસરીના ટુકડાઓ આરોગી શ્યામ
તમે ગોકુળને મધમીઠું કીધું
આખું ગોકુળ પછી હેલે ચઢ્યું
તહીં મથુરાનું નામ કેમ લીધું ?
શ્યામ ! તમે છેહનું જ કામ અરે કીધું.']

—સંકલન

।। પરમ પૂજ્ય 'મા' સૂચિત 'માનસયાત્રા'નો મર્મ ।।

જન્મથી મરણ સુધીની યાત્રા, પારણાથી ચિતા સુધીની બહિવર્તી યાત્રા તો આપણે સર્વેએ કરવાની જ છે. પણ એક બીજી અંદરની યાત્રા છે; અહમ્થી આત્મા સુધીની. તે અધ્યાત્મ જીવવા માગતા દરેક માટે અ-નિવાર્ય છે.

આમ જોઈએ તો પ્રવાસ, પર્યટન, સફર, મુસાફરી મનુષ્ય જુદા જુદા હેતુઓ સર કરતો જ રહે છે. પરંતુ જ્યારે એ 'યાત્રા' શબ્દની ઊંચાઈ સિદ્ધ કરે છે ત્યારે એના મનમાં કેવળ 'અંતરાત્માની ઓળખાણ' કે 'પ્રભુપ્રાપ્તિનો રાહ' અભીષ્ટ હોય છે.

આપણે ત્યાં એક પ્રબળ માન્યતા છે કે, 'અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ' તીર્થયાત્રાથી આપણાં પાપો-દુરિતો નાશ પામે છે. પણ તીર્થક્ષેત્રે થઈ ગયેલું પાપ વજ્રલેપ બની જાય છે. મૃત્યુ પહેલાં એકવાર ચારધામ યાત્રા કે દ્વાદ્વશ શિવલિંગની યાત્રા કે ડાકોરના રણછોડરાયજીની, અંબામાતાની, બહુચરાજીની વગેરે યાત્રાઓ આપણા હિંદુધર્મમાં બહુ મહત્ત્વની ગણવામાં આવે છે. જૈનોમાં પણ ગિરનાર, સમેતશિખર, પાલીતાણા વગેરેની યાત્રા અત્યંત પવિત્ર ગણાય છે. હવે યાત્રાઓ તો થતી રહે છે. એમાં શરીર-મનની અશુદ્ધિઓ ઓગાળવાનો મુખ્ય આશય હોય છે. પણ એ આશય સુધી પહોંચનારા ઘણા ઓછા હોય છે. મોટાભાગના લોકો યાત્રાના ગણ્યાગાંઠ્યા દિવસોમાં કદાચ એ શુદ્ધિ માટે સાવધ રહે છે. સંસારની દુર્વૃત્તિઓને વિસરી જવા યત્ન કરે છે. જગતની ધાંધલ-ધમાલમાંથી થોડા દિવસ નિવૃત્ત થઈ, શાંતિનો આનંદ માણે છે. પણ એની અસર યાત્રા પૂર્ણ થયે ક્રમશઃ ઓછી થતી જાય છે. મન પાછું સંસારની ગડમથલમાં લાગી જાય છે. અસત્ય, કપટ, સ્વાર્થી-સંકુચિત વૃત્તિ, દ્રવ્યલોભ, પદલોભ બધાં દુરિતોમાં પરોવાઈ જાય છે. એટલે યાત્રામાંથી ફર્યા બાદ 'જહા થે, જૈસે થે' એવી હાલત થઈ જાય છે.

એટલે ઘણી બધી યાત્રાઓ કર્યા પછી પણ માણસમાં કોઈ

'ચૈતસિક પરિવર્તન' આવતું નથી; જે યાત્રાનો મુખ્ય હેતુ છે. ચેતનાનો વિસ્તાર. પ્રભુનિર્મિત સૃષ્ટિ તેમજ પ્રભુ પ્રત્યે નિતાન્ત પ્રેમ કરુણા એ બધાં તત્ત્વો પ્રગટતાં નથી.

પ.પૂ.શ્રી'મા' યાત્રાના મૂળગત હેતુ સુધી આપણને પહોંચાડવા ચાહે છે તેથી 'સ્વર્ગારોહણ' આવીને, રાબેતા મુજબનાં પ્રણામ-પ્રદક્ષિણા-પ્રાર્થના કરીને પાછા જવું. અને પાછા ભીડમાં ખોવાઈ જવું એવી યાંત્રિક સ્થિતિ સામે જાણે 'શાંત ક્રાંતિ' કરતાં હોય એમ ચીલાચાલુ, પારંપરિક યાત્રાઓની સામે આ એક અભિનવ માર્ગ સૂચવે છે. જેમાં સ્થળનું-પ્રદેશનું સ્થૂળ મહત્ત્વ નથી. સ્વર્ગારોહણ એક પવિત્ર ભૂખંડ માત્ર નથી. એ તીર્થ પર ઓળઘોળ થઈ, એનો જ એક અંશ બની રહેવાનું છે.

સર્વપ્રથમ તો 'સ્વર્ગારોહણ'માં પ્રવેશ્યા પછી નહિ, પ્રવેશદ્વારથી જ યાત્રા આરંભાઈ જાય છે. કેમ કે જો તમે સાવધ-જાગૃત રહીને જોશો તો 'સ્વર્ગારોહણ'ના સર્જક સ્વયં તમને પ્રવેશદ્વારે અંબાજીના મુખ્ય માર્ગ, અવકાશમાંથી પ્રગટતા દેખાશે. એટલે એમનો સાથ લઈને જ એમને પ્રણામ કરીને જ અંદર પ્રવેશવાનું રહેશે. ને અંદર 'ૐની પગદંડી સળંગ છે' એના પર ધીમે પગલે ગતિ કરવાની રહેશે. ને પછી ૐ યોગેશ્વરાય નમઃ મંત્રગાન ઉચ્ચારાઈ શકાશે. અર્થાત્ મંત્ર બોલીને છૂટા એમ નહિ, મંત્ર સાથે એકરૂપ થતાં થતાં ગતિ કરવાની છે. પછી તો સરોડાધામ હોય, કુટિયા હોય, પૂ.શ્રી'મા'નું પ્રાગટ્ય-સંનિધિ હોય, એ બધાં સાથે પાછું પ્રવેશદ્વાર સુધી જવાનું છે, એમાં 'ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ' મંત્ર ત્રણ વાર બહુ સૂચક માર્મિક રીતે ઉચ્ચારાય. ત્યારબાદ પ્રવેશદ્વારે 'સંતજનની' (આ વિશેષણ બહુ મહત્ત્વનું છે.) જ્યોતિર્માતાનું અભિવાદન કરી. એમને પધારવા-આશીર્વાદ આપવા વિજ્ઞપ્તિ કરવાની છે : 'ૐ મા જ્યોતિર્મયૈ નમઃ'.

ત્યારબાદ શ્રી ભીખીબાની પધરામણીને વધાવી લઈ 'ૐ મા ભીખીદેવ્યૈ નમઃ' કરી કુટિયા પાછા ફરી, 'ૐ પિતૃદેવાય શ્રી

કાલીદાસાય નમઃ' કહી એ પંચદેવોની સન્મુખ પાંચ પ્રણામ, પાંચ પ્રદક્ષિણા કરી, પાંચ આશીર્વાદ પ્રાપ્ત કરી લેવાના છે.

ટૂંકમાં, કશું પતાવવા ખાતર પતાવવાનું નથી. પ્રણામ, પ્રદક્ષિણાની પ્રત્યેક મુદ્રા સાથે આપણે તન્મય થઈ જવાનું છે. પાંચેતત્ત્વોથી સંમિલિત એકરૂપ સ્વરૂપને આત્મસાત્ કરી, તેની સાથે ભળી જવાનું છે.

પરિણામે, દૃષ્ટા, દર્શક, દૃશ્ય એવા ભેદ પણ રહેવા ન પામે.

આપણે આ સંવેદનવિશ્વમાં એવા ઓગળી જઈએ કે આપણું અસ્તિત્વ સુદ્ધાં આપણને વિસ્મૃત થઈ જાય.

જગતના કોઈપણ ખૂણામાં રહ્યે રહ્યે 'સ્વર્ગારોહણ' તીર્થનું કલ્પન મનમાં સ્થિર પ્રતિષ્ઠિત કરી, એના પંચદેવો સાથે ભળી જઈ, એકરૂપ થઈ જવાનું છે.

આપણી ચેતનાનું અનુસંધાન આ પાંચે પરમ ચેતનાઓ સાથે એવું તીવ્ર-દૃઢ થઈ જાય કે આપણે આપણી જાતને ધન્ય ગણીએ કે, આવું પવિત્ર, આવું સ્વચ્છ, સુઘડ, સુંદર, કલ્યાણકારી વાયુમંડળ આપણને 'મનમાં ને મનમાં' પ્રાપ્ત થઈ જાય છે.

તીર્થના સર્જક, અધિષ્ઠાતા, પ.પૂ.શ્રી યોગેશ્વરજી, એ તીર્થનું પ્રાણપણે જતન કરનારા પ્રત્યેક ક્ષણે એને નવતા અર્પનારાં પ.પૂ.શ્રી'મા', પ્રેરણામૂર્તિ સંતજનની, માતા જ્યોતિર્મયી તેમજ 'મા' સર્વેશ્વરીનો સંસ્કારવારસાના મૂળ સ્રોત સમાં માતા ભીખીબા-પિતૃદેવ કાલીદાસભાઈ, આ સર્વ ચિન્મય, જીવંત સૂક્ષ્મ સ્વરૂપોની સંનિધિમાં જ માનસિક યાત્રા કરીને જે આવી જાય તેને પછી સ્થળનો-સમયનો બાધ નથી રહેતો.

તેની ચેતના સ્થળાતીત, કાળાતીત બની, જ્યાં હોય ત્યાં આ એક 'પરમ ચૈતન્ય' સાથે સહજ રીતે જોડાઈ જાય છે, એ સ્વયં પણ જીવંત ચૈતન્યઅંશ હોવાની સાર્થકતા અનુભવે છે. પરિણામે યાત્રા સાચા અર્થમાં સાર્થક થાય છે.

—સંકલન

।। શિવપૂજાનું અદ્યતન સ્વરૂપ ।।

પૂજા પદાર્થોથી જ થાય એવું નથી

* જ્ઞાનપાઠ દ્વારા પણ પૂજન થઈ શકે.
* ચિંતન દ્વારા પણ પૂજન થઈ શકે.
* ધ્યાન દ્વારા પણ પૂજન થઈ શકે.

શિવમાનસપૂજા (રત્નૈકલ્પીત) પણ છે જ.

હે સ્વર્ગારોહણના સ્વજનો ! જરૂર વિચારજો. યોગ્ય લાગે તો પૂજનનો પ્રકાર, નવી પરંપરા આપણા હાથમાં છે.

પ્રભુ તમારા સૌ ઉપર પ્રસન્ન હજો

–શ્રી'મા' સર્વેશ્વરી

ૐ

આપણે સૌ જાણીએ છીએ કે શિવપૂજા એટલે મનમાં જે એક ચિત્ર ઊભું થાય તેમાં આપણને દેખાય કે સૌ શિવલિંગની આજુબાજુ બેસી અને વારાફરથી શિવલિંગ પર જળ ચઢાવે અને દૂધ ચઢાવે અને તલ ચઢાવે અરે શેરડીનો રસ, કાળા તલ, અને બીલ્વપત્ર ચઢાવે. જેની જેવી શ્રદ્ધા અને સમજણ તે રીતે સૌ શિવની પૂજા કરે છે. પણ 'સ્વર્ગારોહણ' તીર્થની તો વાત જ અનેરી છે. અને એમાં પણ પૂજ્ય શ્રી'મા' અનેક નવા નવા વિચારો ભક્ત/સાધકો સમક્ષ રજૂ કરે છે. અને કહે છે કે જો તમને યોગ્ય લાગે તો આ રીતે પૂજા કરી શકાય. પદાર્થ વગરની પૂજાની પદ્ધતિ અંગે પૂજ્ય શ્રી'મા'એ સૂચન કર્યું અને સૌ એ તે શિવપૂજાને સ્વીકારી છે.

શ્રી 'સત્યપથ'માં બિરાજતાં દેવો 'સ્વર્ગારોહણ'માં જ બિરાજમાન થઈ ગયા હોવાથી 'સ્વર્ગારોહણ' તીર્થમાં પ્રથમ શિવપૂજાનું આયોજન તા.૨૫/૦૭/૨૦૨૫ના રોજ શ્રાવણ માસના પ્રથમ દિને કરવામાં આવ્યું તેમજ તા.૨૩/૦૮/૨૦૨૫ના રોજ આ વર્ષનું અંતિમ શિવપૂજાનું આયોજન શ્રાવણ માસના છેલ્લા દિને કરવામાં આવ્યું હતું. સૌ પોતાની સમજ,

સમય અને સાનુકૂળતા પ્રમાણે શિવપૂજામાં ભાગ લેવા પધારે છે.

આ વર્ષે લગભગ આખા શ્રાવણ મહિનામાં ઘરે ઘરે શિવપૂજા થઈ. પૂજ્ય શ્રી'મા'ને આપણા સૌ ભક્તો શિવસ્વરૂપ માને છે. અને તેમ 'મા'ની પૂજા પણ કરે છે. પૂજ્ય શ્રી'મા'ને કોઈ વસ્તુની જરૂર નથી. અને જરૂર હોય તો પૂજ્ય શ્રી પ્રભુ જ તેમને પૂરી પાડી દે છે. આપણે કોઈ ભાવથી કોઈ વસ્તુ લઈ જઈએ તો સ્વીકારે છે અને તે પ્રસાદમાં પરત આપી દે છે. અને જો કોઈ કારણસર સ્વીકારે તો તેનું મૂલ્ય પણ અચૂક ચૂકવી દે. પૂજ્ય શ્રી'મા'એ માનસપૂજાનું ખૂબ મહત્ત્વ દર્શાવ્યું છે. પોતાના જીવનમાં અકસ્માત સમયે પૂજ્યશ્રી માનસપ્રણામ પણ કરતાં અને પોતાના નિયમને વળગીને રહેતાં.

સપ્ટેમ્બર ૨૦૨૦ના અધ્યાત્મમાં પણ આ લેખ પ્રકાશિત થયેલો પણ આ વખતે ફરીથી શિવપૂજાનો ક્રમ પણ અહીં ફરીથી દર્શાવીએ છીએ જેથી સૌ તે રીતે શિવપૂજા કરી શકે. પૂજ્ય શ્રી ગુજરાતીમાં શિવમહિમ્નસ્તોત્રની ગુજરાતીમાં રચના કરી અને અનેક ગુજરાતી પરિવારોની હાશ મેળવી છે. કેટલી સહજ રીતે શિવમહિમ્ન સ્તોત્ર સૌ પ્રેમથી ગાઈ શકીએ છીએ કારણ પૂજ્ય શ્રી યોગેશ્વરજી એ પરિશ્રમ વેઠીને અનુવાદ કર્યો છે. અને તેને ગુજરાતીમાં તેના અર્થ સાથે સમજણ પણ આપી છે કારણ આપણે ભગવાનને શું પ્રાર્થના કરીએ છીએ તે આપણને આપણી ભાષામાં ખબર પડે. સંસ્કૃતમાં છે. પણ સૌ એનો લાભ લઈ શકે નહિ તે હેતુથી સરળ અને સાદી ભાષામાં અનુવાદ કરી જનસમાજને અર્પણ કર્યા છે. અને અમરનાથની સ્તુતિ તો આપણા સૌના રૂંવાડા ઊભા કરી દે તેવી અદ્‌ભુત છે. તેના શબ્દો સામાન્ય જનતાને સ્પર્શે તેવા, સમજાય તેવા, સાદા અને સરળ ભાષામાં અનુવાદ કરીને ઉતાર્યા છે. સાચા હૃદયથી જો આ સ્તુતિ કરવામાં આવે તો સાચે જ શિવજીને પ્રસન્ન થવું જ પડે તેમ ભાસે છે.

આ વર્ષે પૂજ્ય શ્રી'મા'ની આજ્ઞાથી જ કાલીમંદિરતીર્થ, ગાંધીધામ, ભાવનગર જેવા સ્થળોએ પણ શિવપૂજા રાખવામાં

આવી હતી તેનો હેતુ ફક્ત પૂજ્યશ્રીના સાહિત્યના પ્રસાર માટે તેમજ તે શહેરના અનેક સ્વજનો સુધી આનો લાભ પહોંચે એ હેતુથી શિવપૂજાનું આયોજન થયું હતું. શિવપૂજા નીચે પ્રમાણેના ક્રમમાં થાય છે. જે આપ સૌની સમજ માટે મૂકી છે. તે પૂજ્ય શ્રી'મા' એ જ લેખિતમાં આપી છે. અને એક પ્રહર અને આંઠ પ્રહરની પૂજા તેમાં દર્શાવેલી છે.

શિવલિંગની આસપાસ બેસો

* ૧ માળા ૐ નમઃ શિવાય.
* ૧ પાઠ સુહાયે મસ્તકે...

પાછી

* ૧ માળા ૐ નમઃ શિવાય.
* ૧ પાઠ સુહાયે મસ્તકે...

પાછી

* શિવ મહિમ્નનો પાઠ
* ૧ માળા ૐ નમઃ શિવાય.
* અમરનાથની સ્તુતિ.
* ૧ માળા ૐ નમઃ શિવાય.
* બધાં જ ૧૧, ૧૧ પ્રણામ કરી શકે.

પૂજા ચાર પ્રહર કરવી હોય તો

* સમૂહમાં ૧૦૮ માળા
  'ૐ નમઃ શિવાય'.
* સમૂહમાં ૧૦૮ સ્તુતિના પાઠ
  સુહાયે મસ્તકે...
* ૧૦૮ પ્રણામ.
* સમૂહમાં ૧૧ શિવમહિમ્નના પાઠ.
* સમૂહમાં ૦૧ કલાક સંકીર્તન.
* સમૂહમાં ૦૧ કલાક ધ્યાન.

—શ્રીઅશ્વિન કાકા

॥ 'સ્વર્ગારોહણ'માં શ્રીયોગેશ્વરજીનું પ્રાગટ્યપર્વ ॥

'સ્વર્ગારોહણ' તીર્થમાં ચાર મહોત્સવ તેના પ્રાણસમા ગણી શકાય તેમાં (૧) પૂજ્ય શ્રી ગુરુભગવંત પ્રભુ પ્રાગટ્ય પર્વ (૨) પૂજ્ય શ્રી'મા' પ્રાગટ્ય પર્વ (૩) પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ લીલાસંવરણદિન (૪) ગુરુ પૂર્ણિમા આમ આ ચાર પર્વમાં કોઈને આમંત્રણ ના હોય તો પણ સૌ સાધકો પોતાની નૈતિક ફરજ સમજી 'સ્વર્ગારોહણ' તીર્થમાં પધારે છે. પછી ભલેને એ 'સ્વર્ગારોહણ'તીર્થ સ્થાનમાં આપણા પૂજ્ય શ્રી'મા' તે પર્વમાં બિરાજમાન હોય કે ના હોય, પૂજ્ય શ્રી 'મા' સ્વયં બિરાજમાન નથી એવું આપણને લાગે છે કારણ આપણી પાત્રતા નથી, કે આપણી એવી ભક્તિ નથી, કે આપણું એવું તપ નથી માટે એમ લાગે છે. બાકી 'સ્વર્ગારોહણ' તીર્થમાં પંચદેવ બિરાજમાન છે. અને તે પરમતત્ત્વ ત્યાં જ હાજરાહજૂર છે જ. પૂજ્ય શ્રી'મા'એ નવ મંત્રની માનસ પૂજામાં સ્વયં તેમના મુખારવિંદમાંથી આ શબ્દો આ તીર્થના દિવ્ય વાતાવરણમાં પ્રવાહીત કર્યા છે. અને તે સત્ય જ છે.

પૂજ્ય શ્રી'મા' હવે સૌને સાધનાનું સુખ ધરવા માગે છે. પૂજ્ય શ્રી 'મા' હવે સૌ સાધકો/ભક્તોને બાલમંદિરમાંથી આગળ વધીને પહેલા ધોરણમાં પ્રવેશ અપાવવા આતુર હોય તેમ લાગે છે. આ વર્ષે પૂજ્ય શ્રીગુરુભગવંત પ્રભુના પ્રાગટ્ય પર્વની ઉજવણી તા.૧૫/૦૮/૨૦૨૫ અને જન્માષ્ટમીની ઉજવણી તા.૧૬/૦૮/૨૦૨૫ના દિને હતી. પૂજ્ય શ્રી'મા' ન તો 'સ્વર્ગારોહણ' તીર્થમાં સ્થૂળરૂપે હાજર હતાં કે વિદેશમાં પણ પૂજ્ય શ્રી'મા' તો ભારતમાં જ મહાનગરી મુંબઈસ્થિત રામટાવરમાં બિરાજમાન હતાં. સૌને એનું અચરજ હતું. સૌની પાસે પોત-પોતાના અનોખા તુક્કા હતા. જેમ કે પૂજ્ય શ્રી'મા' 'સ્વર્ગારોહણ' તીર્થ આવશે, પૂજ્ય શ્રી'મા' વિદેશ જશે, પૂજ્ય શ્રી'મા' વડોદરા જશે, પૂજ્યશ્રી'મા' દક્ષિણની યાત્રામાં જશે. પૂજ્યશ્રી'મા' હરિદ્વાર જશે. સૌ પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે વિચારતાં અને તે સૌ તે રીતે વિચારવા માટે સ્વતંત્ર હતાં ! પણ ખરું કહું તો

પૂજ્ય શ્રી'મા'ની સાથે રહેતાં ભક્તો પણ મોટાભાગે એ જાણી નથી શકતાં કે અગામી ક્ષણે પૂજ્ય શ્રી'મા' ક્યાં હશે ? તો પછી બીજાને તો ક્યાંથી કોઈ વાત ખબર પડે ! અને આપણે ખબર પણ પડે તો પણ તે જાણીને આપણે શું કરી શકવાના હતા ? અને જાણ્યા પછી પણ શું કરીએ છીએ ? અરે આટલા બધા સમયથી પૂજ્ય શ્રી'મા' સ્વર્ગારોહણમાં જ બિરાજમાન હતાં ને ! તો પણ ઘણી વખત માત્ર ૧૦ કે ૫ ભક્તો જ હાજર હોય ! તો મારું માનવું છે કે આપણા સૌની એ નૈતિક ફરજ છે કે આપણે સૌ મોટી સંખ્યામાં તીર્થમાં ઉપસ્થિત રહેવાની કોશિશ કરીએ. અને 'સ્વર્ગારોહણ'તીર્થને અને 'સ્વર્ગારોહણ'તીર્થના દેવનું ગૌરવ વધે તેવા પ્રયાસ આદરીએ.

પૂજ્ય શ્રી'મા' એ આપણા સૌની પરીક્ષા લીધી અને આપણે સૌ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અને પરીક્ષામાં પાસ થયા હોય એમ અનુભવાયું. ૧૫ ઑગસ્ટ ૨૦૨૫ના પર્વમાં લગભગ ૨૫૦ જેટલા સાધકો ઉપસ્થિત રહ્યાં. તેમજ 'મા' પરિવારમાં એક બે ઘટનાઓ એક સાથે સાથે ચાલી રહી હોવાથી પૂજ્ય શ્રી'મા'ની આજ્ઞાથી ઘણાં સાધકો ભક્તો પોતાના સ્વજનોની સંભાળ માટે સ્વગૃહે જ રોકાઈ ગયા હતાં અને વળી એક સ્વજનની આ પૃથ્વીપટેથી વિદાયના કારણે તે સૌ સ્વજનો તેમની ઉત્તરક્રિયા તેમજ અન્ય લૌકિક ક્રિયામાં વ્યસ્ત હતાં જે જરૂરી પણ છે. તો વળી ૧૦ જેટલા યુવાનો દક્ષિણની યાત્રામાં વ્યસ્ત હતા, અને ઘણાં સ્વજનો પૂજ્ય શ્રી'મા' રાજાધિરાજના આમંત્રણને સ્વીકારી રાજાધિરાજના દર્શન કરવા મુંબઈસ્થિત નિતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરમાં ઉપસ્થિત હતા.

તીર્થની શોભા તેના ભક્તોથી હોય છે. અને ભક્તની શોભા તેમના ભગવાનથી હોય છે. ભગવાનની હાજરી માત્રથી તીર્થ જીવંત થઈ ઊઠે છે. ભક્તો આર્ત હૃદયથી પોતાના ભગવાનને પોકારી શકે તેના સિવાય તે શું કરી શકવા સમર્થ હોય છે ? આ ૧૫ ઑગસ્ટે પૂજ્ય શ્રી'મા'ની આજ્ઞા મુજબ 'સ્વર્ગારોહણ' તીર્થના પંચ દેવોને ફૂલહારથી શણગાર નથી કરવામાં આવ્યો કારણ પૂજ્ય શ્રી'મા' કહે છે કે જ્યાં ઊગ્યાં છે. ત્યાં

ચડી ચૂક્યા છે. તો આપણે શું ચઢાવવાનું બાકી રહે ? આ એક વનસ્પતિ જીવનની રક્ષાની વાત છે. તેમાં પણ જીવ છે. અને આ આપણાં શિવ દરેક જીવની રક્ષા માટે સતત જાગ્રત છે. પૂજ્ય શ્રી'મા'ના આવા વ્યવહારથી આપણને સતત એ દર્શન થાય છે. અને આમ બીજી રીતે પૂજ્ય શ્રી'મા' સૌને વિચારતાં કરી દે તેવી વાત કરતાં કહે છે કે આ સ્વર્ગારોહણતીર્થના સૌ સ્વરૂપ જીવંત છે. અને જીવંત સ્વરૂપની ઉપર આપણે ૩ કે ૫ કીલો વજનના હારને પહેરાવીએ અને પછી તે સૌ સ્વરૂપને સતત ૧૦, ૧૨ કે ૨૪ કલાક ફૂલહાર સાથે ઊભા રાખીએ તો તેમની હાલત શું થાય ? આપણે જ્યારે કોઈ શુભ પ્રસંગે જ્યારે એક નાનો હાર પણ પહેરવાનો આવે તો આપણાથી તે પણ સહન થતું નથી. જો આપણે એક નાનો ફૂલહાર સહન નથી કરી શકતાં તો પછી આ જીવંત સ્વરૂપો કેવી રીતે આ ભાર સહન કરી શકે ? અને આ વર્ષે હિંમત કરી પૂજ્ય શ્રી'મા'ની આજ્ઞાને નિભાવવાની પહેલ કરી કે આ વખતે ફૂલોના હાર શણગારનો ભાગ નહિ જ બને અને સાથે સાથે પૂજ્ય શ્રી પ્રભુને ખાદી અતિપ્રિય હતી તો તે ખાદીની બનાવેલી સૂતરની આંટી જ અર્પણ કરવાનું નક્કી કર્યું હતું. તે માટે પૂજ્ય શ્રી'મા'ની પણ મંજુરી મેળવી લીધી હતી. પૂજ્ય શ્રી'મા' વારંવાર આપણું ધ્યાન દોરતાં રહે છે. તો એવું મનઅંતરે એવું થયું શ્રી ગુરુ આજ્ઞા મુજબ જ વર્તીએ તો શ્રી ગુરુને પ્રિય થઈએ. હા, આપણી આંખો સાજ શણગાર જોવા આતુર હોય એ સ્વાભાવિક છે. અને તે જ આપણને સુંદર દેખાય છે. પરંતુ આપણા પૂજ્યશ્રી'મા' ઈચ્છે છે કે સૌ સાધકો તેનાથી ઉપર ઊઠે અને વ્રત, તપ, જપના શણગાર સજીને પોતે જ પોતાના પૂજ્ય શ્રી ગુરુદેવને સમર્પિત થાય. અને પ્રિય બને, પૂજ્ય શ્રી'મા' આપણને સાધનાપંથે પા પા પગલી પાડતા જોવા માંગે છે. તો આપણે એ દિશામાં પગલું પાડવાની કોશિશ તો કરીએ. બધું જ બધાંને ગમતું મળે એ શક્ય નથી. માટે આ વખતે તમને શણગારથી નિરાશ હો એવું પણ થાય. પરંતુ આપણા શ્રી ગુરુદેવ પ્રભુ આપણા પૂજ્ય શ્રી'મા' આપણી પાસે કયો શણગાર સજાવવા માંગે છે. તે પણ આપણે એક વાર તો વિચારવું જ રહ્યું.

ભગવાન તો ભાવનો ભૂખ્યો છે. અને પૂજ્ય શ્રી'મા' એ એક બીજી સરસ વાત કરી કે જેટલા રૂપિયાનો ફૂલહારનો ખર્ચ થાય છે. અને જે સાધકો/ભક્તો તે ખર્ચ ઉઠાવવા માંગતા હોય તેમને કહેવાનું કે તેટલી સંખ્યામાં જપ કરો અને જપના હાર અર્પણ કરો. ફૂલ સિવાય પણ અનેક પ્રકાર શણગાર હોય છે. પણ આપણા પરમતત્ત્વ, પરમદેવ શું ઈચ્છે છે ! તેનું જ મહત્ત્વ છે. એટલે આ વર્ષે ૧૫ ઑગસ્ટની આ વાત નોંધનીય હતી. તીર્થમાં દેવ ઉપસ્થિત ના હોય ત્યારે ભક્તો/સાધકો પોતાની મરજી મુજબ શણગાર કરે છે. પરંતુ આપણા તીર્થના દેવ સ્વયં પોતાની પસંદગી અને નાપસંદગી જણાવતા હોય ત્યારે આપણી નૈતિક ફરજ શું છે ? તે આપણે જ વિચારવું રહ્યું. બિનજરૂરી ખર્ચા કરવા કરતાં સમજપૂર્વક તે રકમમાંથી કોઈ સત્કર્મ કરીને કોઈના જીવનને શણગારી જ શકાય ને. પૂજ્ય શ્રી'મા'ના આ ઉદ્દાત વિચારો છે. અને આપણા પૂજ્ય શ્રી'મા' જ આપણને આપણી માની લીધેલ પરંપરાગત જડ પૂજાઓમાંથી, રૂઢિચુસ્ત પ્રથાઓમાંથી મુક્ત કરીને તે પ્રથાઓને તિલાંજલિ આપી અને આપણને એક નવું સાહસ કરવા પ્રેરે છે.

આપણે સૌ જ્યારે એમ સહજ બોલીએ છીએ 'જૈસી 'મા' કી મરજી' તો પછી એ વાક્યને આપણે જીવનના અંત સુધી વળગી રહેવું જોઈએ એવું હું માનું છું. આપણી આંખોને પણ આપણે સમજાવીએ અને આપણા જીવનને પણ તે રીતે સજાવીએ.

પૂજ્ય શ્રી'મા'ને સમજવા એ ઘણી જ અઘરી વાત છે. પરંતુ પૂજ્ય શ્રી'મા'ની આજ્ઞાને તો માની શકાય અને સમજી શકાય તેવી સરળ, સાદી અને સહજ હોય છે.

૧૫ ઑગસ્ટ–પૂજ્ય શ્રી ગુરુભગવંત પ્રભુના પ્રાગટ્યપર્વ નિમિત્તે 'સ્વર્ગારોહણ'તીર્થમાં ધ્વજવંદનનો કાર્યક્રમ પણ આયોજીત કરવામાં આવ્યો હતો. પૂજ્ય શ્રી'મા'ના દર્શન દ્વારે ફરફર લહેરાતા રાષ્ટ્રધ્વજને સૌએ સાથે મળી વંદન કર્યા. નિત્ય ભાઈએ શંખનાદ કર્યો. અને રથીભાઈએ પ્રાર્થના કરાવી અને દિશાબેન અને નિલેશ ભાઈ તેમજ અન્યના અવાજમાં રેકર્ડ કરેલા દેશભક્તિનાં ગીતો

પ્રસારિત થયાં અને સૌએ તેમાં સુર પુરાવ્યો તેમજ અજયભાઈની રેકર્ડ કરેલી પ્રાર્થના (પૂજ્ય શ્રી'મા' રચિત) સૌએ દેશની સુખાકારી માટે કરી. પૂજ્ય શ્રી'મા' કોઈપણ આયોજનને એટલું બધું સરળ અને સહજ બનાવી દે છે જેથી અઘરા લાગતાં કોઈ પણ આયોજન સરસ રીતે સંપન્ન થાય. આપણા સૌની પણ નૈતિક જવાબદારી છે. કે દેશ માટે કદાચ લડી ના શકો, શહિદ ના થઈ શકો પરંતુ જે દેશ માટે સરહદે રાત દિવસ ખડે પગે ઊભા રહે છે. તેમના માટે પ્રાર્થના તો કરી જ શકીએ ને ? પૂજ્ય શ્રી'મા'ની આ અનન્ય દેશભક્તિને વંદન કર્યા. અને અનન્ય દેશભક્તિનાં દર્શન પણ સૌને થયાં.

૧૫ ઑગસ્ટ–પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ પ્રાગટ્યપર્વ નિમિત્તે 'સ્વર્ગારોહણ'તીર્થમાં નિત્ય ક્રમ મુજબ જ કાર્યક્રમ આયોજીત કર્યો હતો. પરંતુ આ વર્ષે પૂજ્ય શ્રી'મા' એ ભૂદેવોને એક નવી પ્રથા અપનાવવા માટે સૂચન કર્યું હતું અને સૌ ભૂદેવોએ તેને સહર્ષ વધાવ્યું હતું. અને આમ પણ 'સ્વર્ગારોહણ'ના સાધક ભૂદેવો ગુરુવેદી થઈ ગયા ગણાય તેથી પૂજ્ય શ્રીગુરુભગવંતના પ્રાગટ્યપર્વે જ યજ્ઞોપવિત બદલી ધારણ કરવાની વિધિ પણ ૧૫ ઑગસ્ટ– પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ પ્રાગટ્યપર્વદિને સવારે ૧૦.૦૦ વાગ્યે આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સ્નેહલભાઈ અને રથીભાઈએ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સંક્ષિપ્તમાં વિધિ કરાવી અને સાથે સાથે યજ્ઞોપવિત બદલી ક્યારે ક્યારે નવી ધારણ કરવી તેમજ યજ્ઞોપવિતનું ભૂદેવના જીવનમાં શું મહત્ત્વ હોય છે. તેના વિશે પણ સમજણ આપી. પૂજ્ય શ્રી'મા' દ્વારા પ્રસાદમાં પામેલ કેસરી કલરનું પીતાંબર અને ઉપવસ્ત્ર સૌ એ ધારણ કરેલ હતું. અને લગભગ ૩૬ જેટલાં ભૂદેવોએ ભાગ લીધો હતો. ત્યાર બાદ કુટિયામાં પ્રદક્ષિણા અને પ્રણામ કરી અને વિધિ સંપન્ન કરી.

આ ૧૫ ઑગસ્ટ–પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુપ્રાગટ્યપર્વ નિમિત્તે વિવિધ ડીવીડી દર્શન કર્યા. તેમાં પૂજ્ય શ્રી'મા'એ વિદેશથી પૂજ્ય શ્રી'મા'ને આમંત્રણ આપતી ડીવીડીનું દર્શન સૌને રડાવી ગયું.

ગોપીગીતની સાથે સાથે બાળકોની વિનંતીનું સાયુજ્ય દર્શાવતી વીડિયોદર્શનમાં વિદેશનાં બાળકોએ હાલની આધુનિક પદ્ધતિ મુજબ વિડિયો રેકોર્ડિંગ કરી પોતાના ભાવ ખુલ્લેઆમ પ્રગટ કર્યા અને પૂજ્ય શ્રી'મા'ને વિદેશ પધારવા માટે પોતાના આર્ત હૃદયના પોકારો પાડતાં જોવા મળ્યા. કેવી સરસ આમંત્રણ આપવાની પદ્ધતિ ! સૌને ગમે તેવી. બે વખત તેના દર્શન સૌએ કર્યા. વંદનયાત્રાની ડીવીડી પણ સૌએ નિહાળી.

૧૫ ઑગસ્ટે સાંજ સુધીમાં સવારે આવેલા સાધકો/ભક્તોના ઘોડાપુર ઓસરવા માંડ્યાં હતાં. વિવિધ પ્રસાદ સૌને પ્રાપ્ત થયો હતો. સૌ 'સ્વર્ગારોહણ'તીર્થમાં પૂજ્ય શ્રી પ્રભુનાં દર્શન પામી, પ્રસાદ પામી અને વિદાય થઈ ગયાં. દ્વારે ઊભેલા પ્રભુ સૌને પ્રેમથી આવકારે છે અને એટલા જ પ્રેમથી વિદાય પણ આપે છે. સૌ પોતાના સંસારમાંથી થોડો થોડો સમય 'સ્વર્ગારોહણ'તીર્થમાં માટે ફાળવી શક્યા.

૧૫ ઑગસ્ટે જન્માષ્ટમીનો તહેવાર છે. 'સ્વર્ગારોહણ'તીર્થમાં પાંખી હાજરી છે. આજે શ્રી કૃષ્ણ ભગવાનનો પ્રાગટ્યપર્વ છે. આજે તેમાના દ્વારા રચિત શ્રી ગીતાજીના પાંચ અધ્યાયનું પારાયણ કર્યું છે, તો આજે એક અન્ય ભક્ત/સ્વજન આ પૃથ્વીપટેથી વિદાય લે છે. તેના સમાચાર પણ સવારની બેઠકમાં પ્રાપ્ત થાય છે અને તેમના આત્માની શાંતિ માટે બેઠકમાં પાંચ મિનિટ રક્ષમામ્‌ની ધૂન પણ ગવડાવાય છે. આજે લગભગ બપોરની બેઠકમાં કાર્યક્રમની પૂર્ણાહુતિ થાય છે. મોટાભાગના સાધકો/ભક્તો બપોરે ૪.૦૦ વાગ્યા સુધી વિદાય થાય છે. અને થોડાંક ભક્ત/સ્વજનો 'સ્વર્ગારોહણ'તીર્થમાં રોકાયા છે. આમ બે દિવસના કાર્યક્રમનું સમાપન થયું. સૌ આવી રીતે પધારતાં રહે 'સ્વર્ગારોહણ'તીર્થની શોભા વધારતા રહે તેમ મનોમન પ્રાર્થના કરી.

—શ્રીઅશ્વિન કાકા

॥ 'સ્વર્ગારોહણ'નાં આદરણીય સ્વજન ॥
(શ્રીમહાલતાબહેન)

શ્રી મહાલતાબેન એ 'મા' પરિવારના સૌ માટે એક આદરણીય નામ છે. પૂજ્ય શ્રી'મા' સાથેની શ્રી દશરથયાત્રાના એક માત્ર બહેનોના પ્રતિનિધિ તરીકે તેમને ગણી શકાય. એક કર્તવ્ય નિષ્ઠ, શ્રદ્ધાવાન, હિંમતવાન અને ચપળ એવા શ્રી મહાલતાબેન 'માસી'નાં હુલામણા નામે સૌનો આદર પામતા. માસીની વિદાયના છેલ્લા દિવસોમાં માંદગીના બિછાનેથી સતત 'મા' 'મા' અને 'મા'ના જ પોકારો પાડતા રહ્યાં. સતત પૂજ્ય શ્રી'મા'ને જ શોધતા. અને માસી પૂજ્ય શ્રી'મા'ની સેવામાં જ હોય તેમ ઘરના સર્વને અનુભવાતું હતું. માસી ક્યારેય પણ પોતાની જાતને સ્વર્ગારોહણતીર્થ થી અલગ ગણતાં જ નહોતા. પૂજ્ય શ્રી'મા'ની જ વાતો કરતાં.

માસી પોતે માંદગીના બિછાને હતાં અને છેલ્લાં દિવસોમાં દવાખાનેથી જ્યારે માસીને ઘરે લાવવામાં આવ્યા ત્યારે દક્ષેશભાઈ યુ. એસ. એ.થી ભારત આવવા નીકળ્યા પણ એમનું મન તો સતત એમની માતાનાં પ્રેમમાં જ મગ્ન હતું. જન્મ દેનાર માતાને અતિશય પ્રેમ કરનાર બાળકની કલમ ચાલવા માંડી અને પ્રેમ તેમજ પ્રાર્થનાસભર કાવ્ય પ્લેનમાં જ રચાઈ ગયું.

માસી તો લગભગ ૪૦ વર્ષ સુધી પૂજ્ય શ્રી'મા'ની સેવા માટે સતત આતુર રહ્યાં, બહાદુર પણ ખરા પોતાના નાનકડા શરીરને અવગણીને મોટાં મોટાં કામ પાર પાડવા તત્પર રહેતાં. શ્રી માસી ૯ થી ૧૦ વખત યુ એસ એ દક્ષેશભાઈના ઘરે જઈ આવ્યાં. પણ ત્યાં જાય ત્યારે પૂજ્ય શ્રી'મા'ની પોતે કેવી રીતે વધુ સારી સેવા ધરી શકે અને પૂજ્ય શ્રી'મા'ને હાશ ધરી શકે તે શીખતાં રહેતાં. અરે આપણા પૂજ્ય શ્રીપ્રભુરચિત શ્રી 'પ્રકાશના પંથે'ને 'સ્વર્ગારોહણ' એપ વેબ સાઈટ પર જનતા જનાર્દન સુધી પહોંચે તે માટે ગુજરાતી ટાઈપિંગ પણ તે શીખ્યાં અને તે સદ્ગ્રંથને ટાઈપ કરવામાં દક્ષેશભાઈને સહાયક થતાં.

એવા આપણા સૌના માનનીય માસીની વિદાય ખૂબ વસમી લાગે છે. હે માસી આપ પરમ પૂજ્ય શ્રીપ્રભુનાં અંકમાં સ્થાન પામ્યા છો તો ત્યાંથી સૌ પર આશિષ વરસાવજો.

—શ્રીઅશ્વિન કાકા
('સ્વર્ગારોહણ' સેવકવૃંદ)

॥ દોડી આવો ॥

મારી હિંમત ખૂટી જાય એ પહેલાં દોડી આવો
મારી ધીરજ ખૂટી જાય એ પહેલાં દોડી આવો

અતિ પ્રબળ તમારી માયા
એમાં જીવો અટવાયા,
જીવ તમને ભૂલી જાય એ (૨) પહેલાં દોડી આવો

સંકટમાં પ્રાણ છે મારો
પ્રભુ, આવી આપ ઉગારો,
ચેતન ચિંતાનું થાય એ (૨) પહેલાં દોડી આવો

અંધારું ઘેરી વળશે
મારગ મુજને ના જડશે,
મારો શ્રદ્ધાદીપ બુઝાય એ (૨) પહેલાં દોડી આવો

'ચાતક'ને ના તલસાવો
દર્શનથી ધન્ય બનાવો,
જીવ આકળવિકળ થાય એ પહેલાં દોડી આવો
આંખ આંસુથી ઉભરાય એ પહેલાં દોડી આવો
મારી પ્રાર્થના પૂરી થાય એ પહેલાં દોડી આવો

- દક્ષેશ કોન્ટ્રાક્ટર 'ચાતક'

॥ તમે જગાડવા આવ્યા ॥

તમે જગાડવા આવ્યા, અમે તો ઊંઘતા જ રહ્યાં
તમે સમજાવતા જ રહ્યા, અમે તે ભૂલતા રહ્યાં...
તમે જગાડવા..

તમે તો આંગણે જ ઊભા, અમે તે દ્વાર બંધ કર્યા
તમે તિરાડ કાજ મથ્યા, અમે તે પૂરતાં જ રહ્યાં...
તમે જગાડવા..

તમે તો પ્રેમથાળ ધર્યા, અમે તે સ્વાર્થી માન્યાં
તમે તો અઢળક ઢળ્યા, અમે તે જીરવી ના શક્યાં,
તમે જગાડવા..

ગુનેગારો અમે આવ્યા, આંખમાં આંસુને લાવ્યાં.
ચરણમાં વંદન કરતાં, ક્ષમા કરો નાથ પ્યારા...
તમે જગાડવા..

- પૂ. શ્રી 'મા' સર્વેશ્વરી
(રાગ- અમારા જીવનમાં આવ્યા...)

Regd. No. : BVHO/113/2024-2026,
Renewed upto 31-12-2026. R.N.I. No. 71957/99

“ ભગવાન પોતાના એકનિષ્ઠ
ભકત કે આરાધકને
કૃપા કરીને
બુદ્ધિયોગ આપે છે. ”

- પૂ. શ્રીયોગેશ્વરજી

Permitted to SPO's Bhavnagar, Posted at RMS Office Bhavnagar
on 1st of every month. Total Volume Pages 68.
Price per copy Rs.8/- Annual Subscription Rs.25/-